# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૮ ] ઓકટોબર ૧૯૮૯ [ અંક ૪

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર-કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ


સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૮ ] • ઑક્ટોબર : ૧૯૮૯ • [ અંક ૪ થા

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. મત્સર | શાસ્ત્રીજી ... | ૩ |
| ૨. આત્માનો ઉજાસ | શાસ્ત્રીજી ... | ૭ |
| ૩. માતાજીની ટકોર | શાસ્ત્રીજી ... | ૮ |
| ૪. શૈલેન્દ્ર ચાલતો થયો | ... ... | ૯ |
| ૫. સન્ત અવતાર : નિર્મળતાનો નિર્દેશ | કુ. પૂર્ણિમા ભગતજી | ૧૧ |
| ૬. પ્રસાદીનો સંકેત | ... ... | ૧૪ |
| ૭. જેલમાંથી મુક્તિ | ... ... | ૧૬ |
| ૮. યોગીનો આદેશ | ... ... | ૧૮ |
| ૯. નામસ્મરણ | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૨૦ |
| ૧૦. અકસ્માતમાંથી બચાવ | ... ... | ૨૨ |
| ૧૧. દર્દનો પ્રભાવ | ... ... | ૨૩ |
| ૧૨. અલૌકિક અનુભૂતિ | ... ... | ૨૫ |
| ૧૩. જન્મગત બિમારી | ... ... | ૨૬ |
| ૧૪. સમાચાર | ... ... | ૨૮ |

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧



આધ્યાત્મિક કેડી
ઑક્ટોબર : ૧૯૮૯

# મત્સર

શાસ્ત્રીજી

મત્સર અર્થાત્ ઈર્ષ્યા.

ચિન્તા ચિતા સમાન ગણાઈ છે, તેમ ઈર્ષ્યાની આગમાં બળીને મનુષ્ય પોતાનું સત્ત્વ ગુમાવી બેસે છે.

મનુષ્યજીવનના અભાવ અને અસંતોષમાંથી ઈર્ષ્યાનો જન્મ થાય છે.

જે કોઈ ચીજવસ્તુ, સંપત્તિ, સુખ, સભરતા બીજા પાસે છે, તે મારી પાસે કેમ નથી એ ભાવ જ્યારે મનુષ્યના મનમાં જ નહિ, સમગ્ર અસ્તિત્વમાં પેદા થાય છે ત્યારે તેને ઈર્ષ્યા કહેવાય છે એટલું જ નહિ, તે મેળવવા મનુષ્ય વ્યર્થ ફાંફા મારે છે, પ્રયત્નો કરે છે, નિષ્ફળ જાય છે, તે વધુ ને વધુ પ્રયત્નશીલ બને છે પણ બીજા પાસે છે તે મેળવવામાં સફળ થઈ શકતો નથી. આમ અભાવ ને અસંતોષ ઈર્ષ્યાને પ્રજ્વલિત કરે છે.

ઈર્ષ્યાવાળો મનુષ્ય બીજાનું સુખ જોઈ શકતો નથી, બીજાની સફળતા સાંખી નથી શકતો. આથી તે તેના સુખને છિન્નભિન્ન કરવા, તેની સફળતાને નષ્ટ કરવા જાતજાતના નુસખા અજમાવે છે, કાવાદાવા કરે છે, તેની વિરુદ્ધ ખોટી વાતો કરે છે, અફવાઓ ફેલાવે છે, ખોટી માન્યતાઓ સેવે છે ને બીજાની નજરમાં તેને નીચો પાડવાનો, ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરે છે.

જીવનના પ્રત્યેક પગલે, પ્રત્યેક ક્ષેત્રમાં ઈર્ષ્યાનું પ્રવર્તન ઠેરઠેર જોવા મળે છે.

ઈર્ષ્યા એ મનુષ્યના મનનું જ નહિ, પણ સમગ્ર અસ્તિત્વનું ભાવપ્રવર્તન છે. એ ભાવ તેની આંખોમાં આવી વસે છે. ઈર્ષ્યા એ મનુષ્યના અસ્તિત્વનો એક વિકાર છે.

આપણા અનેક સન્તો–શાસ્ત્રોએ દૃષ્ટિને નિર્મળ બનાવવાનું, સદ્‌ભાવ કેળવવાનું કહ્યું છે.

જેમ શરીરના વિકારોને દૂર કરવાનો ઉપાય કરીએ છીએ તેમ મનના – અસ્તિત્વના વિકારોને પણ દૂર કરવાનો ઉપાય–પ્રયત્ન કરવો જ રહ્યો.

મેં મારાં નવ સૂત્રોમાં બીજાના સુખે સુખી ને બીજાના દુઃખે દુઃખી થવાનું – ઈર્ષ્યા ન કરવાનું જણાવ્યું જ છે. મનમાં જ્યારે ઈર્ષ્યાનો કે એવો કોઈ વિકાર જણાય ત્યારે કે તે સિવાય પણ સ્વાભાવિક-પણે બીજાના સુખમાં આનન્દ પામવાનો ને બીજાના દુઃખે દુઃખી થવાનો પ્રયત્ન કરી જોજો. અસ્તિત્વમાં ચોક્કસ એક પ્રકારની સ્વચ્છતાનો, પવિત્રતાનો, નિર્મળતાનો, સાત્ત્વિકતાનો અનુભવ થશે જ.

હું અગાઉ તમને કર્મની ગતિવિધિ વિશે અનેકવાર સમજાવી ગયો છું. મનુષ્યને જીવનમાં જે કાંઈ સારું-નરસું પ્રાપ્ત થાય છે તે કેવળ તેના પ્રારબ્ધવશાત્ જ થાય છે અને પ્રારબ્ધવશાત્ થયેલી

યત્કિંચિત્ પ્રાપ્તિને મનુષ્ય પોતાના પ્રયત્નથી વિશેષ યશોદાયી બનાવે છે. પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થયેલી સારી-માઠી પરિસ્થિતિનો નતમસ્તકે સ્વીકાર કરી મનુષ્યે તેમાંથી માર્ગ કાઢી આગળ વધવાનું છે. જે પ્રારબ્ધ નિર્માણ થયેલું છે તે ભોગવવાનું જ છે. જે બીજા પાસે છે, તે તમારી પાસે નથી, જે તમારી પાસે છે તે બીજા પાસે નથી. બીજાના સુખનીસફળતાની ઈર્ષ્યા કરીને તે મેળવવા તમે પ્રયત્ન કરો પણ તમને ખાતરી છે કે તમને મળશે જ? એટલું યાદ રાખજો કે ઇર્ષ્યાપ્રેરિત પ્રયત્ન કદી ફળતો નથી.

બીજાની ઈર્ષ્યા કરવાથી તો મનુષ્યને પોતાને જ નુકસાન થાય છે.

મનુષ્યને જીવનમાં જે કંઈ મળ્યું છે તેનો તે સહર્ષ સ્વીકાર કરતાં શીખે તો મને લાગે છે કે તે ઈર્ષ્યાનો ભોગ નહિ બને.

જીવનમાં સન્તોષ ને પોતાની મેળે સન્માર્ગે પોતાનું કાર્ય કર્યે જવાથી ઈર્ષ્યા જન્મી નહિ શકે.

ઈર્ષ્યા મનુષ્યજીવનમાં અશાંતિ ને અસ્વસ્થતા જ લાવે છે એટલું જ નહિ, રહ્યાંસહ્યાં સુખચેન પણ હરી લે છે. માટે બીજાનો મહેલ જોઈ, તમે તમારું ઝૂંપડું તોડવાની કોશિષ કરશો નહિ. ઝૂંપડાવાસીના સુખની ઈર્ષ્યા કરીને મહેલવાસી તેને નષ્ટ કરવાનો, છિન્નભિન્ન કરવાનો પ્રયત્ન નહિ આદરે તો સામાજિક અસમાનતા અવશ્ય દૂર કરી શકાશે. આ અસમાન પરિસ્થિતિ તો એવી સર્જાય છે કે, ઝૂંપડાવાસી એક ટંક સૂકો રોટલો ખાઈને પણ સન્તોષ, આનન્દ ને પ્રેમથી જીવન જીવે છે, પણ મહેલવાસીને-બંગલાવાસીને અનેક સુવિધાઓ હોવા છતાં ન તો તે સુખથી રહી શકતો, ન તો ખાઈ શકતો કે નથી તો તેને નિરાંતની ઊંઘ આવતી. આ અસમાન પરિસ્થિતિ અનેકવિધ રીતે અસંતોષ જન્માવે છે ને મનુષ્ય એકમેકની ઈર્ષ્યા કરવા લાગે છે. આમ ઈર્ષ્યા સમગ્ર માનવસમાજમાં વ્યાપેલો સડો છે.

ઈર્ષ્યા માત્ર સંપત્તિ પ્રત્યે, સુખ પ્રત્યે જ નથી ઉદ્ભવતી, કોઈ એક મનુષ્યની માનસિક શાન્તિ, સ્વસ્થતા પ્રત્યે પણ ઉદ્ભવી શકે છે. સમાજનો નાનામાં નાનો માણસ અથવા જીવનની ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ નિજી મસ્તીથી, પોતીકી સ્વસ્થતાથી, શાંતિથી જીવતા મનુષ્યની વારેવારે ઠેકડી ઉડાડયા કરવી એ પણ એક સૂક્ષ્મ ઈર્ષ્યાનું જ પ્રવર્તન મારી દૃષ્ટિએ માનું છું.

નદીના શાંત વહેતા જળમાં એક કાંકરો નાખો ને એ જળપ્રવાહમાં જે તરંગો ઉદ્ભવે તે જોવામાં કિનારે બેઠેલા મનુષ્યને મજા પડે છે તેમ નિજી શાંતિ, મસ્તીથી જીવતા મનુષ્યની સ્વસ્થતા પર ઉપહાસરૂપી કાંકરા ફેંકવામાં મનુષ્યને અનેરો આનન્દ આવે છે. કેટલી ક્રૂરતા છે એ?

ઈર્ષ્યા મનુષ્યના સત્ત્વ પર પ્રહાર કરતી હોવાથી એ માત્ર ભૌતિક નહિ પણ આધ્યાત્મિક જીવન પર પણ અસર કરે છે. ઈષ્ટની ઉપાસના કરતો માનવી ઈર્ષ્યાની આગમાં બળતો હોવાથી ઈશ્વરની કૃપાના અનુભવો કરી શકતો નથી. તે ઉપાસના કરે છે એટલે ઇશ્વરની કૃપા તો તેના પર વરસે જ છે પણ તેને ઉકેલવાની લિપિ પ્રાપ્ત નથી થતી. ઉપાસનાને અભિમુખ બનેલો માનવી ઈર્ષ્યાથી વિમુખ બની શકે તો જ તે ઉપાસના સાર્થક થઈ શકે.

તમારે ઉપાસના કરવી છે? જીવનમાં સુખી થવું છે? તો મનમાંથી ઈર્ષ્યાના ભાવને દૂર કરી દો. ઈર્ષ્યાની આગ ઉપાસનાના, જપના લયને, ધ્યાનની એકાગ્રતાને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. અન્તરમાં ઈષ્ટના સ્વરૂપની ઉપસ્થિતિને બદલે ઈર્ષ્યાની આગની જ્વાળાઓ અન્તરને દઝાડી અશાંતિ ને ઉદ્વેગ પેદા કરી દે છે. અશાંતિ ને ઉદ્વેગથી ઉપાસના થઈ શકતી નથી.

ઈષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા, ઈષ્ટની સમ્પૂર્ણ શરણાગતિ ને અન્તરમાં નિષ્કામ-નિર્લેપ ભાવ હશે તો ઈર્ષ્યાને ઉદ્ભવવાનું કારણ જ નહિ મળે.

કઈ રીતે?

ઈષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા, ને શરણાગતિ હશે તો મનુષ્ય પોતાની પાસે જે છે તેમાં જ સન્તોષ માણશે. તેને જે કંઈ જોઈએ છે, તેને જેની આવશ્યકતા છે તે પરમકૃપાળુ પરમાત્મા અવશ્ય પૂરી કરશે જ એવી તેને શ્રદ્ધા હોય છે. તેણે ઈષ્ટની શરણાગતિ સ્વીકારી છે એટલે સારી માઠી પરિસ્થિતિને જીવનના સુખદુઃખમાં પ્રભુની મરજીના દર્શન કરશે, ઈષ્ટના શુભ સંકેતોને વાંચવાનો પ્રયત્ન કરશે ને તેથી તેને બીજાની ઈર્ષ્યા કરવાનો અવકાશ જ ઊભો નથી થતો – નહિ થાય. તેણે નિર્લેપ ભાવને કેળવ્યો–ઘૂંટયો હોવાથી તે કોઈ પણ પ્રકારની બાહ્ય પળોજણમાં લેપાતો નથી, તેને આકાંક્ષા હોય છે પણ તે બીજાના ભોગે નહિ, તેને ભૌતિક સુખોપભોગમાં ખાસ દિલચસ્પી નથી રહેતી કારણ તેણે ઈષ્ટના ઐશ્વર્યની, કૃપાની અનુભૂતિ કરી તેમાંથી અલૌકિક આનન્દની પ્રાપ્તિ કરી હોય છે તેથી તેને એવો બાહ્ય આનન્દ નથી આવતો.

ઘણી વાર સન્તોની સેવા કરનારાઓમાં પણ ઈર્ષ્યાનું પ્રવર્તન ભારોભાર જોવા મળે છે. ઈશ્વરની જેમ સન્તો પણ પ્રેમના ને શુદ્ધ સાત્ત્વિક હૃદયની ભાવનાના પૂજારી બને છે. ઈશ્વરની જેમ સન્તો પણ આગન્તુકની ભાવનાને પારખે છે ને તે પ્રમાણે તેને સેવાનો અધિકારી માને છે. અન્તરની ભાવના હશે તો સેવા આપોઆપ સામે ચાલીને મળવાની જ છે. પૂર્વના પુણ્યના પ્રતાપે જ સન્તો–ગુરુની પ્રાપ્તિ થાય છે. તેમનું સાન્નિધ્ય ને સેવા મળે છે. એને શુદ્ધ પ્રેમભાવથી ટકાવી રાખવાનું સેવકનું કર્તવ્ય બની જાય છે.

કેટલીકવાર સન્તની–ગુરુની અમુક પ્રકારની સેવા કરવાની માણસને ભાવના જાગે છે, પણ એ માટે તો મનોમન હૃદયમાં શુદ્ધ ભાવ ધરી મૂક પ્રાર્થના જ કરવાની હોય. તે આપોઆપ એક યા અન્ય રીતે સાકાર થાય જ છે. પણ કહેતાં દુઃખ થાય છે કે સેવા કરવા માટે પણ મનુષ્ય એકમેકની ઈર્ષ્યા કરે છે. કોઈ પણ પ્રકારની ઈર્ષ્યાપ્રેરિત સેવા કોઈ રીતે ફળતી નથી. કોઈ પણ પ્રકારની સામાજિક સેવા પણ જો ઈર્ષ્યાપ્રેરિત હોય તો તે દીપતી નથી. ઈશ્વર એવી કોઈ સેવાનો સ્વીકાર કરતો નથી.

સેવાનો હેતુ સેવા જ હોઈ શકે. એમાં ઈર્ષ્યા, અહમ્, સ્વાર્થ, પ્રતિષ્ઠા કે માનમોભાને સ્થાન ન હોઈ શકે. સેવાના ઓઠા હેઠળ સન્તને–ગુરુને પોતીકી માલિકીના બનાવવાની દુષ્ટતા કોઈ નહિ કરે.

ઈર્ષ્યા અન્તરના શુદ્ધ સાત્ત્વિક સેવાભાવને ધોઈ નાખે છે. સેવકનું–ઉપાસકનું સમગ્ર લક્ષ સેવા ને ઉપાસનામાં જ લક્ષિત–કેન્દ્રિત થયેલું હોવું જોઈએ એમ હું માનું છું.

આજે ધર્મના જે વાડાઓ–ફાંટાઓ પડયા છે તે ઈર્ષ્યાજનિત જ છે.

ટૂંકમાં, ઈર્ષ્યા માનવીના સત્ત્વનો–સદ્‌ગુણનો સંહાર કરતું તત્ત્વ હોવાથી, માણસનો સર્વનાશ નોતરતો ભાવ હોવાથી તે માણસનો દુશ્મન ગણાય છે. તેથી તેનાથી સાવધ ને સજાગ રહેવું જરૂરી છે. એ જ જીવના હિતમાં છે. જીવ ઈર્ષ્યાનો ત્યાગ કરે તો તેનું જીવન શાન્તિમય તો બને જ છે – માનસિક શાન્તિ ને સુખવાળું. એથી પરમતત્ત્વની ઉપાસનામાં અખંડ એકાગ્રતા જાગે છે ને પરમતત્ત્વની પ્રાપ્તિ સરળ ને સહજ બની શકે છે એવું મારું માનવું છે.

*

આ સાથે ષડ્‌રિપુઓ અંગેની ચર્ચા પૂરી થાય છે. છેલ્લા છ અંકોથી એટલે કે છેલ્લા દોઢ વર્ષથી જુદા જુદા અંકો દ્વારા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ (અભિમાન) અને મત્સરની સ્પષ્ટતા માતાજીની પ્રેરણા ને મારી આન્તરસ્ફુરણા દ્વારા કરી છે.

દરેક મનુષ્યમાં વધતે ઓછે અંશે આ અવગુણો પડેલા જ હોય છે. એ સ્વાભાવિક પણ છે. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે, માનવી એ અવગુણનો દાસ ન બની જાય. એને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે. એનો પરિચય મેળવવાનો પ્રયાસ કરે.

આ ષડ્રિપુઓ માનવીના માત્ર ભૌતિક જ નહિ પણ આધ્યાત્મિક જીવન પર પણ પ્રતિકૂળ અસર પાડે છે. જેમને સાત્ત્વિક જીવન જીવવું છે, સન્માર્ગે જીવન વ્યતીત કરવું છે, ઈષ્ટની ઉપાસના કરવી છે, ઈષ્ટની ઉપાસના કરતાં કરતાં તેની કૃપા પ્રાપ્ત કરી ઉપાસનાના ઉત્તુંગ શિખરો સર કરવાની મહેચ્છા છે, સાક્ષાત્કારની અભિલાષા છે તેમને માટે આ ષડ્રિપુઓનો પરિચય મેળવવાની આવશ્યકતા છે. એનો પરિચય મેળવી એને શક્ય તેટલો નિયંત્રિત કરવાનો પુરુષાર્થ કરવાનો છે ને એ રીતે ક્રમશઃ તેનો સંહાર કરતાં જવાનું છે. જો કે એકદમ તો ષડ્રિપુનો સંહાર કરવો શક્ય જ નથી પણ સાવધ ને સજાગ રહેવાથી, થોડોક પોતીકો પ્રયત્ન કરવાથી ષડ્રિપુઓનો પરિચય મળી શકે છે. પછી એને સરળતાથી નિયંત્રિત કરી શકશે.

આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરી ચૂકેલા માટે પણ ષડ્રિપુઓથી સાવધ રહેવાનું હું જરૂરી માનું છું. જીવનની સફળતાના ઉન્નત શિખરે પહોંચ્યા પછી પણ આ ષડ્રિપુઓથી સજાગ રહેવાનું છે કારણ એ ગમે ત્યારે તેની જાળ ફેલાવીને ફસાવી શકે છે. મનુષ્યને ખુદને ખબર પણ ન પડે તે રીતે તેની જાળમાં તે ફસાઈ જાય છે. માટે અજાણતામાં પણ કોઈની જાળમાં, કોઈ પ્રલોભનમાં ફસાઈ ન જવાય તેની સાવધતા રાખવાની જરૂર છે.

દરેકને જીવનમાં સુખી-સફળ થવું જ છે. આધ્યાત્મિકતાના અભીપ્સુ પણ ઘણા છે. સાક્ષાત્કારની ખેવના પણ ઘણાને છે. તે સર્વ માટે ષડ્રિપુઓનો પરિચય મેળવવાની, તેને નિયંત્રિત કરવાની, તેનો સંહાર કરવાની, તેના પર વિજય મેળવવાની ને તે પછી પણ તેનાથી સાવધ રહેવાની આવશ્યકતા છે. મારી દૃષ્ટિએ અનિવાર્યતા પણ છે ને તેથી જ મેં તેનો આટલો પરિચય આપવાનું યોગ્ય ગણ્યું છે.

જીવનના ઉન્નત શિખરે, આધ્યાત્મિકતાના ઉત્તુંગ શિખરે પહોંચેલાને માટે તો સાવધાનીની-સજાગતાની-વિશેષ આવશ્યકતા છે. માણસ ચાલતાં ચાલતાં ગબડી જાય તો તેને ઓછું વાગે છે, તે તરત ઊભો થઈ શકે છે, પણ છેક ઉપરથી પડે તો તેની પછાડ ખૂબ જબરદસ્ત હોય છે ને એકદમ તેને માટે ઊભા થવું શક્ય નથી.

રાજ્યની સરહદો વિસ્તાર્યા પછી, ચક્રવર્તી સમ્રાટ બન્યા પછી પણ તે સમ્રાટે સાવધ તો રહેવું જ પડે છે – રહેવું જ જોઈએ. કારણ ગમે ત્યારે ગમે ત્યાંથી શત્રુ આવી ચડવાની સંભાવના નકારી શકાતી નથી. મનુષ્યની રજ માત્ર જેટલી પણ અસાવધતા તેને મૂર્ખ ઠરાવી શકે છે. શત્રુ અચાનક પ્રહાર કરે ત્યારે શક્તિશાળી વળતો પ્રહાર તરત જ કરવાની ક્ષમતા-સજાગતા હોવી જ જોઈએ.

સાત્ત્વિક જીવન હશે તો કોઈ અનિષ્ટ ફરકી શકવાની હિંમત કરી શકતું નથી. શત્રુ પ્રહાર કરવાની હિંમત જ ન કરે તેવું ખમીર ને ખુમારીભર્યું જીવન ને વ્યક્તિત્વ બનાવવાનો માનવીનો-ઉપાસકનો પુરુષાર્થ હોવો જોઈએ.

માનવી ગમે તેવી પ્રખર ઉપાસના કરે, તેમ છતાં મનની દુર્બળતાઓ, દુર્ગુણો, વૃત્તિઓના વિકારો અને વ્યવહારોની અશુદ્ધિ દૂર ન થાય ત્યાં સુધી ગમે તેવી પ્રખર સાધના સફળ થતી નથી. એ સાધનાની સાથે માનવીએ મન, વચન, કર્મથી પવિત્ર રહેવાની જરૂર છે. આચાર-વિચાર ને વ્યવહાર સમ્પૂર્ણ શુદ્ધ, નીતિમય ને પ્રમાણિક બનવા ને રહેવા જોઈએ. જીવનની ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ માનવીના જીવનનો સઘળો વ્યવહાર સહેજ પણ કલુષિત થયા વિના ચાલતો રહેવો જોઈએ. ષડ્રિપુની તમામ ભાવના માનવીના શારીરિક-માનસિક સ્વાસ્થ્ય પર શાંતિ-સ્વસ્થતા-સુખ પર પ્રહાર કરે છે. મન, વચન ને કર્મથી જીવન પવિત્ર ને સાત્ત્વિક હશે તો નજીવી સાધના-નામસ્મરણમાં પણ ઈશ્વરીય કૃપા ને સહાય અવશ્ય આવી મળશે. પરમતત્ત્વના અનુગ્રહના અધિકારી બની શકીશું એમાં કોઈ સંદેહ નથી.

☐

# આત્માનો ઉજાસ

નરેન્દ્ર દવે - શાસ્ત્રીજી

તમારા સમસ્ત જીવનને -
પ્રેમથી છલકાવી દો.
સ્મિતથી સભર બનાવી દો.
વિશ્વાસ, સહાનભૂતિ અને સચ્ચાઈ કેળવો.
અહમ્‌ને ઓળખી ઓગાળી નાખો.
સાત્વિક આનન્દની પ્રાપ્તિનો પ્રયત્ન કરો.
સ્થિતપ્રજ્ઞ બનો.
વૈરાગી રહો.
તમે આ ધારો છો એટલું દુષ્કર નથી.
સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે.
ધીરજ ધરો. સહનશીલ બનો.
મિત્રોમાં અવશ્ય વૃદ્ધિ થશે.
શત્રુ મૈત્રીનો હાથ લંબાવશે.
કોઈ પણ પરિસ્થિતિમાં નમાલાં ન બનો.
ખુમારી કેળવો.
જીવનને ખમીરવન્તુ બનાવો.
જુઓ, દશે દિશાઓમાંથી ઈશ્વરીય સહાય તમને
મળી રહી છે.
ગભરાઓ નહિ.
કાર્ય કર્યે જાઓ.
હવે, સફળતાની સરહદો બહુ દૂર નથી.
મારા તમને આશીર્વાદ છે.



# માતાજીની ટકોર

શાસ્ત્રીજી

ગઈ તા. ૬-૪-'૮૯ ના રોજ રાત્રે લગભગ અઢી વાગ્યે માતાજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં, સ્વપ્નમાં મેં એવો અનુભવ કર્યો કે, હું મારા ઓરડામાં મારી પૂજા કરવા બેઠો હતો. મંત્રજપ ચાલુ હતા. મારી આંખો બંધ હતી. માતાજી મારી પાછળ જમીન પર બિરાજમાન થયાં, પણ તેની મને ખબર પડી નહિ. મારું ધ્યાન દોરવા માતાજીએ ખોંખારો ખાધો. મને થયું, માળા પૂરી કર્યા પછી આંખો ખોલું. મેં માળા પૂરી કર્યા પછી આંખો ખોલી પાછળ નજર કરી તો માતાજીને બેઠેલાં જોયાં. તેમની સામે ફરી હું પગે લાગ્યો.

માતાજીએ કહ્યું, 'હું બેઠી છું ને તને ખબર નથી?'

મારી વાચા હણાઈ ગઈ. મેં બોલવા ઘણો પ્રયત્ન કર્યો પણ મારાથી બોલી શકાયું જ નહિ.

માતાજી કહે, 'ગુસ્સે થયો છે? નારાજ છે?'

હું વાણી દ્વારા કંઈ જ વ્યક્ત કરી શક્યો નહિ.

માતાજી ખુશખુશાલ જણાતાં હતાં.

થોડી વારે માતાજી ઊભાં થયાં. હું નીચો નમી તેમને પગે લાગ્યો. માતાજીએ મને ખભેથી પકડી ઊભો કર્યો અને માતૃવાત્સલ્ય છલકાવતાં મને છાતીસરસો ચાંપી દીધો. મારી આંખમાં હર્ષનાં આંસુ ધસી આવ્યાં. હું રડતો હતો. મારી આંખમાંથી અશ્રુધારા વહે જતી હતી.

મારું માથું માતાજીના ખભા નીચે આવતું હતું. અર્થાત્ માતાજીનું સમગ્ર સ્વરૂપ વિરાટ અને દિવ્ય હતું.

માતાજી કહે, 'સૈનિક રડતો હશે!'


હું તરત જ સ્વસ્થ અને ટટ્ટાર થઈ ગયો.

માતાજીએ કહ્યું, 'ફિકર કરીશ નહિ.'

આમ કહી ખડખડાટ હાસ્ય વેરતાં માતાજી અદૃશ્ય થઈ ગયાં અને મારી આંખો ઉઘડી ગઈ.

□

મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
જમનાદાસ નાગરદાસ મોદી
જનરલ મરચન્ટ
'ભગવતી'
ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)



# શૈલેન્દ્ર ચાલતો થયો

વિજ્ઞાનયુગમાં માનવી વિજ્ઞાન તરફ પ્રેરાય છે. પણ જ્યારે તેમાં નિષ્ફળતા મળે છે ત્યારે જેમ ડૂબતો માણસ તરણાને પકડે તેમ તે આધ્યાત્મિકતા તરફ દોરાય છે.

તા. ૧૭-૧૦-'૭૫ની આ વાત છે. મારા એક સ્નેહી ડૉક્ટર મારી પાસે આવ્યા અને કહ્યું કે શૈલેન્દ્ર નામનો બાર વર્ષનો એક છોકરો છે, જે લકવાથી પીડાય છે. તમે કહો તો તમારી પાસે લઈ આવું. મેં તેઓને કહ્યું કે, રવિવાર તા. ૧૯-૧૦-૭૫ના રોજ સવારે લઈ આવજો.

આપેલા સમય મુજબ ડૉક્ટર, શૈલેન્દ્રના પિતા તથા શૈલેન્દ્ર મારે ત્યાં આવી પહોંચ્યા. શૈલેન્દ્રની હાલત જોઈને મને ખૂબ જ અનુકંપા ઉત્પન્ન થઈ. બે માણસો તેને પકડીને લાવતા હતા. તેના બે પગનો કંપ ચાલુ હતો. બે પગ જમીન પર ટેકવી શકાતા જ નહોતા.

શૈલેન્દ્રની આવી હાલત થવાનું કારણ તેના પિતાના જણાવવા પ્રમાણે શૈલેન્દ્ર સાયકલ પરથી પડી ગયો હતો. ખાસ ઈજા થઈ નહોતી. ફક્ત ઘૂંટણ પર સાધારણ ઈજા થઈ હતી. ત્યાર બાદ તે હરતોફરતો હતો. નિશાળમાં જતો હતો. ભણવામાં તેજસ્વી હતો. ઈજા પામેલા ઘૂંટણ આગળથી તે જરા લંગડાતો હતો. અમને શૈલેન્દ્રની આ નજીવી ખોડ ડંખતી હતી. અમે નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરોએ અભિપ્રાય આપ્યો કે મગજનું ઑપરેશન કરવામાં આવે તો આ ખોડ દૂર થઈ શકે, જેથી શૈલેન્દ્રને હૉસ્પીટલમાં દાખલ કરી નિષ્ણાત ન્યૂરો સર્જન પાસે ઑપરેશન કરાવ્યું. ત્યાર બાદ તેને શરીર પર પ્લાસ્ટર જેકેટ આપવામાં આવ્યું. ટ્રેકશન આપીને સતત ત્રણ મહિના સુધી સુવાડી રાખવામાં આવ્યો.

તેના શરીર પરનું પ્લાસ્ટર જેકેટ અને ટ્રેકશન દૂર કરવામાં આવ્યા ત્યારે જણાયું કે શૈલેન્દ્રના કમ્મરથી નીચેના ભાગને લકવો લાગુ પડયો છે. ઝાડા-પેશાબનો પણ ખ્યાલ રહેતો નથી. આવી નિઃસહાય દશામાં આ છોકરો આવી પડયો. પહેલાં સહેજ લંગડાતો ફરતો હતો, જ્યારે અત્યારે તે બિલકુલ હરીફરી શકે તેવી સ્થિતિમાં ન હતો.

શૈલેન્દ્રના પિતાનું કહેવું હતું કે આ બાળકને કંઈક રાહત થાય એવું કરી આપો. અમે અમારાથી બનતા બધા જ ઉપચાર કરી ચૂકયા છીએ અને કંટાળી ગયા છીએ જેથી હવે અમે ગાયત્રી માતાનું શરણું સ્વીકારી લેવાનું નક્કી કર્યું છે. અમને કંઈક રસ્તો બતાવો.

મેં તેઓને કહ્યું કે ગાયત્રી માતામાં અખૂટ શ્રદ્ધા રાખો. તે ખૂબ જ દયાળુ છે. માતાજીના સંકેત પ્રમાણે હું કાર્ય કરીશ.

શૈલેન્દ્રને ગાયત્રી માતાની પ્રેરણા મુજબ શક્તિપ્રદાનની સારવાર આપી અને સૂચન કર્યું કે શૈલેન્દ્રને નવ દિવસ સુધી અહીં લાવજો. શૈલેન્દ્રને ગાયત્રી મન્ત્ર શીખવી રટણ કરવા જણાવ્યું. બીજા દિવસથી શૈલેન્દ્રે ક્રમશઃ સારો એવો સુધારો બતાવ્યો. ત્રીજે દિવસે તેના પગનો કંપ ઘણો જ ઓછો

થઈ ગયો. ચોથા દિવસે ઝાડા–પેશાબમાં પણ કન્ટ્રોલ આવી ગયો. હાથનાં આંગળાં ધીરે ધીરે વળવા લાગ્યાં. જાતે પ્યાલો પકડી પાણી પીતો થયો...આઠમે દિવસે ચમચાથી જમતો થયો. નવમા દિવસે એક હાથ પકડી ચલાવી શકાયો. પલંગ પરથી તેની જાતે ઊઠ–બેસ કરવા લાગ્યો. નાનું બાળક ચાલતાં શીખે તેવી રીતે ચાલવા લાગ્યો. તે પોતાના હાથે પેન પકડી ધીરે ધીરે લખી શકતો.

ત્યાર પછીના બીજા રવિવારે શૈલેન્દ્ર તેના પિતા સાથે એકલો જ સ્કુટર પર પાછળ બેસીને આવ્યો. માતાજી આગળ મારું મસ્તક નમી પડ્યું. માતાજીની કૃપા અને શક્તિ અગાધ છે. દીવાળીની રાત્રે શૈલેન્દ્ર તેના ઘરમાં કોઈ પણ જાતના સહારા વગર ચાલ્યો. તા. ૨૩–૧૧–’૭૫ના રોજ મારે ત્યાં આવ્યો ત્યારે એક ઓરડામાંથી સોફા પરથી માતાજીના ઓરડા સુધી તે પોતાની જાતે ચાલ્યો. શૈલેન્દ્રને પણ જીવનમાં નવું જોમ આવેલું લાગ્યું. તેને લાગ્યું કે નવું જીવન પ્રાપ્ત થયું, સાથે સાથે માતાજી પ્રત્યે અનહદ શ્રદ્ધા પણ ઉત્પન્ન થઈ.

આમ ઘણી વાર એવું બને છે કે નજીવી બિમારી માટે ઘણા મોટા ઉપચારો થાય છે, કયારેક ડૅાક્ટરો બિનજરૂરી ઑપરેશનો પણ કરી નાખે છે તો એક દર્દને દૂર કરવા જતાં બીજાં અનેક નવાં દર્દો ઊભાં થાય છે ને માનવીના જીવનની સ્વસ્થતાને હણી નાખે છે. આવા સમયે માણસ મંત્રવિદ્યાનો આશ્રય લે તો તે ઉપકારક નીવડી શકે છે. ઈશ્વરનું શરણું જ માણસને યોગ્ય માર્ગ દર્શાવે છે.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સૂરત–૧

# સન્ત અવતાર : નિર્મળતાનો નિર્દેશ

કુ. પૂર્ણિમા ભગતજી

'આધ્યાત્મિક કેડી'નો આ અંક ચોથી અને સાતમી સપ્ટેમ્બરની ઉજવણી વિનાનો, માતાજીના આગમનની પશ્ચાત્વર્તી અનુભૂતિઓના આહ્લાદ વિનાનો રહ્યો. માતાજીનો એ આદેશ હતો એટલે માતાજીના સૈનિક શાસ્ત્રીજીની જેમ આપણે સૌએ પણ તેનો નત મસ્તકે સ્વીકાર કરવો જ રહ્યો.

મને અહીં જે અભિપ્રેત છે તે એ કે આપણે સન્તોનો જન્મદિવસ કેમ ઉજવીએ છીએ ? એનો શો હેતુ છે ?

સન્ત પણ મનુષ્ય છે. પણ સામાન્ય માણસ અને સન્તમાં ફેર એટલો છે કે મનુષ્યનું જીવન ચીલાચાલુ ધરેડમાં વ્યતીત થાય છે જ્યારે મનુષ્યદેહધારી કોઈ એક સજ્જન, જેને આપણે 'સન્ત' તરીકે ઓળખીએ છીએ તેણે, પોતાના જીવનમાં આધ્યાત્મિક–ઉપાસનાકીય સિદ્ધિ–શક્તિઓ પ્રાપ્ત કરી હોય છે. મનુષ્ય સંઘર્ષો વેઠી જીવન પસાર કરે છે, પણ પરમતત્ત્વને પામી શકતો નથી. જ્યારે કોઈ વિરલ મનુષ્ય સંઘર્ષો વેઠીને, પુરુષાર્થ આદરીને દિવ્ય, પરમ, ભવ્ય ને અલૌકિક એવી પરમતત્ત્વની ચેતનાશક્તિનો પાર પામી શકે છે, જીવન, સંસાર અને જગતનાં રહસ્યોનો તાગ મેળવી શકે છે, એક માત્ર પરમતત્ત્વની–ઈષ્ટની આરાધના-ઉપાસનામાં જ રત રહી તેનો સાક્ષાત્કાર પામી શકે છે પછી તે બ્રહ્મચારી હોય કે ગૃહસ્થી હોય.

બ્રહ્મચારી કે ગૃહસ્થી 'સન્ત'નું બિરુદ ત્યારે જ પામી શકે, જ્યારે તેણે આત્મસાક્ષાત્કાર મેળવ્યો હોય–પરમતત્ત્વનો સાક્ષાત્કાર મેળવ્યો હોય એમ હું માનું છું.

જીવનમાં જ્યારે આવા સન્તની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવન ધન્ય બની જાય છે. પણ એ પ્રાપ્તિ પછી મનુષ્યની જવાબદારી વધી જાય છે. અર્થાત્ તેના સમગ્ર વ્યાપારો – વ્યવહારોમાં સાવધાની – સજાગતાની આવશ્યકતા ને અનિવાર્યતા ઉપસ્થિત થાય છે.

ચાલો, જીવનમાં એક મહાન ને વિરલ સન્ત મળી ગયા ને તેમના આશીર્વાદથી આપણું બધું કામ સમુંસૂતરું પાર ઊતરે છે, જીવનનાં કાર્યો સરળાથી પાર પડે છે એટલા માત્રથી જ જીવનો અર્થ સરતો નથી, સરવો પણ ન જોઈએ. સન્તપ્રાપ્તિનો એ હેતુ જ ન હોઈ શકે.

જીવનમાં સન્તની પ્રાપ્તિ થયા બાદ તો સૌ પ્રથમ તેમના આદર્શોને અને આદેશોને અમલમાં મૂકવાનું કર્તવ્ય થઈ પડે છે. મનુષ્યે મન, વચન ને કર્મથી જીવનને પવિત્ર બનાવવાનો પુરુષાર્થ આદરવો પડે છે. એ પુરુષાર્થ અન્તહીન જ સાબિત થાય છે.

ત્યાર બાદ ભગવદ્ સ્મરણને આત્મસાત્ કરવાનો પ્રયાસ આદરવો પડે છે.

શાસ્ત્રીજી તો કહે છે કે મન, વચન ને કર્મથી પવિત્ર રહી સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક, મા–બાળકનો સમ્બન્ધ કેળવી, માનું સ્મરણ કરો, ગાયત્રી–મંત્રની ત્રણ માળા દરરોજ કરો. તે આપણે સૌ જાણીએ છીએ.

આત્મસાક્ષાત્કાર મેળવ્યા પછી સન્તો પરમતત્ત્વના આદેશ અનુસાર જનસેવાનું–લોકકલ્યાણનું કાર્ય આદરે છે. સેંકડો લોકોને સન્તોની આત્મિક શક્તિ–સિદ્ધિઓનો લાભ મળતો રહે છે, પણ ઘેરા

દુઃખની વાત તો એ બને છે કે, મનુષ્યની સ્વાર્થપરાયણતા પોતીકી સંકુચિત ને સ્વાર્થી બુદ્ધિથી, દૃષ્ટિથી જ મૂલવવાનો પ્રયાસ કરે છે. મનુષ્ય સન્તોનું સાન્નિધ્ય જરૂર સેવે છે, પણ તેમના સન્નિધ્યની, તેમના વ્યક્તિત્વની, તેમના અસ્તિત્વની દિવ્યતા, અલૌકિકતા, તેમના અસ્તિત્વના આધ્યાત્મિક તત્ત્વનો-સત્ત્વનો-જેને અંગ્રેજીમાં આપણે Spiritual essence-element કહીએ છીએ-પરિચય મેળવી શકતા નથી, તેને સમજી શકતા નથી, તેને આત્મસાત્ કરી શકતા નથી. જે સમજાતું નથી તેને આત્મસાત્ તો કઈ રીતે કરી શકાય? સન્તોના વ્યક્તિત્વની, અસ્તિત્વની દિવ્યતા, અલૌકિકતા, તેમના આધ્યાત્મિક તત્ત્વને ઓળખવાનું કાર્ય ખૂબ દુષ્કર છે. એ તો ઘણા લાંબા સમયાન્તરની-કદાચ જન્માન્તરની પણ વાત છે, પણ તેમના સહજ-સ્વાભાવિક સૂચનનો પણ અમલ કરવો ખૂબ જ અઘરો બની જાય છે.

શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં મેં અનેકવાર સાંભળ્યું છે, અનુભવ્યું છે, જોયું છે, જાણ્યું છે કે ખૂબ નાની નાની બાબતો પરત્વે તેમની ટકોર, તેમનાં સૂચનો, તેમની સલાહની જે ભાઈ-બહેનોએ અવગણના કરી છે તેનાં માઠાં, વિપરીત પરિણામ આવ્યાં જ છે. સંભવિત પરિસ્થિતિ પરત્વે તેમણે વ્યક્ત કરેલી દહેશત આખરે સત્ય-નક્કર હકીકતનું સ્વરૂપ ધારણ કરીને જ રહી છે. ત્યારે મનોમન મને ખૂબજ દુઃખ થયું છે કે શાસ્ત્રીજીના અનન્ત સાન્નિધ્યનો લાભ સેવનાર માણસ પણ તેમનો પડચો બોલ કેમ ઉપાડી લેતાં નથી શીખતી? કેમ તેમનો સંકેત ઝીલી નથી શકતી? કદાચ મારું એ દુઃખ આ લેખનું જનક બન્યું છે, જેમાંથી સન્તોના અવતારકૃત્યની, અવતારલીલાની વિશદતાને વાંચવાની, ઉકેલવાની લિપિ-પ્રેરણા-શક્તિ મળ્યાં હશે.

મનુષ્ય પોતાના પૂર્વ ભવનાં સત્કર્મોની પ્રધાનતા અને ઉપાસનાના સાતત્યને પરિણામે આ ભવે સત્કર્મો ને ઉપાસનાના આધારે સાક્ષાત્કાર-આત્મસાક્ષાત્કાર મેળવે છે. પોતાનાં સત્કર્મો-પુણ્યકર્મોને કારણે તેમનું સમગ્ર વ્યક્તિત્વ તેજસ્વી ને ભવ્ય બને છે. તેમનું સમસ્ત અસ્તિત્વ નિર્મળ, નિર્દોષ ને નિષ્પાપ બની રહે છે. એવા નિર્મળ, નિર્દોષ, નિષ્પાપ અસ્તિત્વમાં રહેલા અન્તઃકરણના પટ પર આત્મામાં બેઠેલો પરમાત્મા જાગ્રત થઈ તેને પોતાના ભવ્ય, દિવ્ય ને અલૌકિક રૂપનાં દર્શન કરાવે છે, સાક્ષાત્કાર કરાવે છે. આવા સાક્ષાત્કારી સન્ત જગતને-મનુષ્યને નિષ્પાપી બનવાનો આદેશ આપે છે. મનુષ્યના જન્મગત કુત્સિત સંસ્કારોને દૂર કરવાનો આદેશ આપે છે, પોતીકી આત્મિક શક્તિ દ્વારા તેવો પ્રયાસ આદરે છે. મનુષ્ય સન્તોની આ પુણ્યસલિલા જાહ્નવીના પાવન નીરમાં ડૂબકી મારી નિષ્કલંક અને નિષ્પાપી બનવાનો જેટલો પુરુષાર્થ આદરે તેટલો ઓછો છે.

સન્તોને કદી કોઈ વિકાર સ્પર્શતો નથી. તેમના સાન્નિધ્યમાં કોઈ વિકાર આવી શકતો નથી. ધારો કે કદી કોઈ વિકાર તેમના સાન્નિધ્યમાં આવવાની હિંમત પણ કરી બેસે તો તે દૂર થયા વિના રહેતો નથી. જે સ્વયં પવિત્ર છે તેની આગળ કયો વિકાર ઢૂંકવાની હિંમત પણ કરી શકે? પારસમણિના સ્પર્શે લોઢું કંચન બને છે, પણ લોઢાના સ્પર્શે પારસમણિ કંઈ લોઢું નથી થઈ શકતો. એ રીતે જે સ્વયં પવિત્ર ને નિર્મળ છે તેના સંપર્કમાં આવનાર સર્વને પવિત્ર ને નિર્મળ બનાવ્યા વિના રહેતું નથી. પાવન ગંગામાં ડૂબકી મારવાથી મનુષ્ય અવશ્ય પાવન બને છે, પણ મનુષ્યોનાં પાપોથી, કલંકોથી ગંગા કંઈ દૂષિત નથી બનતી.

વિકાર તો મનુષ્યની દૃષ્ટિમાં રહેલો છે. મનુષ્યની વિકારી દૃષ્ટિમાં બધું જ વિકારી દેખાય છે. કહેવત છે ને કે, જેને કમળો થયો હોય તેને બધું પીળું જ દેખાય.

સન્તોનું-શાસ્ત્રીજીનું સાન્નિધ્ય સેવીને આપણા અસ્તિત્વના સમસ્ત વિકારોને દૂર કરવાનો પુરુષાર્થ આદરીએ તે જ ઉચિત છે.

યુદ્ધભૂમિમાં કિંકર્તવ્યમૂઢ બનેલા, વિષાદથી ઘેરાયેલા અર્જુનને કર્તવ્યાભિમુખ બનાવવા ભગવાન શ્રીકૃષ્ણ તેને ઉપદેશ આપે છે, સ્વધર્મ અને કર્તવ્યનું ભાન કરાવે છે. જ્ઞાન, ભક્તિ, કર્મ ને યોગ વિશે સમજાવે છે ત્યારે ભગવાનના ઉપદેશને અન્તે અર્જુન કહે છે :

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥ (અ. ૧૮, શ્લોક ૭૩)

હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે. સ્મૃતિ પ્રાપ્ત થઈ છે. હું સ્થિર થયો છું. મારા સન્દેહો દૂર થઈ ગયા છે. હું તમારા વચન પ્રમાણે કરીશ.

જગતને માટે અર્જુન શિષ્યનો એક મહાન ને વિરલ આદર્શ છે.

અર્જુન ભગવાનના કહ્યા પ્રમાણે કાર્ય કરવા કટિબદ્ધ બને છે, અર્થાત્ તેણે ભગવાનની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી છે. ભગવાનના આદેશો–આદર્શોને માથે ચઢાવવા તે તત્પર બન્યો છે.

આપણે પણ ઈશ્વરના આદેશો અને આદર્શોને અનુસરીએ તો પરમતત્ત્વના અનુરાગના અધિકારી અવશ્ય બની શકીએ.

પણ હકીકત એ છે કે, અર્જુન પાસે ભગવાન સ્વયં સાક્ષાત્ હાજર હતા. આપણી પાસે ભગવાન ક્યાં છે? એવો પ્રશ્ન તો સહેજે ઉદ્ભવી શકે છે.

હા, વાત તો સાચી છે, આપણી પાસે ભગવાન સ્વયં હાજર નથી, પણ ઈશ્વરને જેમણે આત્મસાત્ કર્યા છે, ઈશ્વરનો જેમણે સાક્ષાત્કાર મેળવ્યો છે એવા સન્ત–ગુરુ શાસ્ત્રીજી તો છે ને! શાસ્ત્રીજીના આદેશો–આદર્શોનું શકય તેટલું પાલન કરીશું તો જ તેમને અર્થાત્ શાસ્ત્રીજીને–માતાજીને–ઈશ્વરને સાચા અર્થમાં પામી શકીશું. પણ આદર્શો–આદેશોનું પાલન એટલે સુધી કે, જે સમયે ગુરુદેવ કહે કે આવો, તે સમય અવશ્ય, તેઓ કહે તે પ્રમાણે પહોંચી જવું, કે જે કોઈ સૂચનો કરે તેનો તત્કાળ અમલ કરીએ તો જ જીવન અને અધ્યાત્મના મૂળભૂત તત્ત્વને – તેના નવનીતને પામી શકીશું એમ હું માનું છું. સન્તોના અવતારની સાચી ઉજવણી, તેમના સાન્નિધ્યની સાચી પ્રાપ્તિ એ જ હોઈ શકે.

□

---


## "ભગવતી હૅાસ્પીટલ" અને પ્રસૂતિગૃહ

○ ડૅા. ભરત ગાંધી, (એમ. એસ.), ○ મીના ગાંધી (એડવોકેટ)
નેશનલ હાઈવે - ઉદવાડા - R.S. ( જિ. વલસાડ )

✶

□ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા □

## રમેશભાઈ ડૅાકટર સિલ્ક મિલ્સ

અટોદરા — સૂરત — ટે. નં. ૪૨૧૫૪
પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ


---

# પ્રસાદીનો સંકેત

એક ડૉક્ટરનાં પત્નીને દસ વર્ષથી કમ્મરનો દુઃખાવો રહેતો હતો. ડૉક્ટરે પોતે ઘણી દવાઓ કરેલી, પણ કશો ફાયદો જણાયેલો નહિ. ડૉક્ટર પોતે નાસ્તિક નહોતા પણ પોતાની રીતે એ તબીબી ઉપચારો કરાવ્યે જતા હતા. કમ્મરનો દુઃખાવો મટાડવા ત્રણ વાર તો એ બહેનને ઓપરેશન પણ કરવામાં આવેલું. પણ કશો સુધારો થયો નહોતો. દરમિયાનમાં તેમને મારા વિશે માહિતી મળી. ડૉક્ટરને પત્નીનું આરોગ્ય વધારે વહાલું હતું. તેઓ મને રૂબરૂમાં મળવા આવ્યા. તેમણે પત્નીની બિમારીની વિગતો કહી.

એ બહેનને શક્તિપ્રદાનની સારવાર આપી. બિમારીમાં તેમને રાહતનો અનુભવ થયો. અઠવાડિયા પછી તેઓને સારું છે એમ કહી તેઓ ગયાં હતાં. હું તો કોઈને નામ–ઠામ પૂછતો નથી. મને તેમના પણ ઠામ–ઠેકાણાની કોઈ માહિતી નહોતી. એક દિવસ મને અચાનક વિચાર આવ્યો કે નવરાત્રી દરમિયાન પેલાં બહેન જો આવે તો એમને માતાજીની પ્રસાદી આપી શકાય. નોરતાના ચાર દિવસ પસાર થઈ ગયા પણ પેલાં બહેન દેખાયાં નહિ.

છઠ્ઠા નોરતાના દિવસે હું પૂજામાં બેઠો હતો. મન માના ધ્યાનમાં લીન હતું, ત્યાં માતાજી તરફથી એવો સંકેત થયો કે ગઈ કાલે, પાંચમા નોરતાના દિવસે પેલાં બહેનને હું તારા રૂપમાં જઈને પ્રસાદી આપી આવી છું. મને આ સંકેતથી જેટલો આનન્દ થયો એટલું જ દુઃખ થયું કે મારા મનની એક ભાવના સંતોષવા માતાજી આટલું બધું કષ્ટ શું કામ લેતાં હશે? જેવી માતાજીની મરજી એમ મનોમન કહી મારા જપ ચાલુ રાખ્યા. મારું મન ફરી જપમાં લીન થઈ ગયું. દિવ્ય અનુભૂતિની શાશ્વત શાન્તિમાં હું લીન થઈ ગયો.

પૂજામાંથી ઊઠયા પછી મેં ઘરનાં સભ્યોને આ પ્રસાદીની વાત કરી. અમને બધાને પ્રશ્ન એ હતો કે માતાજીએ પ્રસાદીમાં પેલાં બહેનને શું આપ્યું હશે? હું તો મારા કામમાં પરોવાઈ ગયો. આ અંગે માહિતી મેળવવાનો કોઈ માર્ગ નહોતો.

આ બનાવ પછી અઠવાડિયે પેલાં બહેનના પતિ ડૉક્ટર મને મળવા આવ્યા. તેમણે મને ફરિયાદના સૂરમાં કહ્યું: 'શાસ્ત્રીજી, તમે નવરાત્રીમાં ઘેર આવ્યા પણ રોકાયા કેમ નહિ?'


મેં કહ્યું, 'હું તો આવ્યો જ નથી.'

તેઓ કહે, 'બને જ નહિ ને! હું ઘેર નહોતો પણ મારાં પત્ની કંઈ તમને ઓળખ્યા વિના રહે? છતાં હું એમને બરાબર પૂછી જોઈશ.' એમ કહી તેમણે વિદાય લીધી.

ત્રણેક દિવસ પછી ડૉક્ટર તેમનાં પત્ની સાથે આવી પહોંચ્યાં. તેમણે નવરાત્રીના દિવસવાળી વાત જણાવતાં કહ્યું:

'તે દિવસે પાંચમું નોરતું હતું. બપોરે અઢી વાગ્યે કોલબેલ વાગ્યો. મેં બારણું ખોલ્યું તો બહાર સામે તમે ઊભા હતા. તમે કહ્યું લો, આ માતાજીની પ્રસાદી. મેં પ્રસાદી લીધી અને તમને અંદર આવવા કહ્યું, પણ તમે ના પાડી અને તરત જ ચાલ્યા ગયા.'

# નૂતન વર્ષાભિનંદન




ગાયત્રી મંત્ર

ॐ भूर्भुवः स्वः । ॐ तत्सवितुर्वरेण्यम् ॥ भर्गो देवस्य
धीमहि । धियो योनः प्रचोदयात् ॐ ॥

# જેલમાંથી મુક્તિ

ઘણા સમય પહેલાંની વાત છે. અડધી રાત વીતી ચૂકી હતી. હું અચાનક જાગી ગયો. સ્વપ્નની વિગતો યાદ કરતાં મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. જેને વિશે મેં સ્વપ્ન જોયું હતું એ મારો બાળ સહાધ્યાયી હતો. મેટ્રિક સુધી અમે બન્ને સાથે ભણ્યા હતા. અમારા બન્ને વચ્ચે ઘણો મનમેળ હતો.

મેટ્રિક પછી એ ભાઈ મુંબઈ જઈ કોમર્સમાં દાખલ થયેલો અને મેં સાયન્સ લાઈન લીધેલી. આમ અમારા બન્નેના માર્ગ ફંટાઈ ચૂક્યા હતા. છેલ્લાં પંદર વર્ષોથી અમને એક બીજા વિશે કશી માહિતી નહોતી, એ મિત્ર આમ અચાનક સ્વપ્નમાં દેખાયો તેનું મને આશ્ચર્ય હતું. એ સ્વપ્ન પણ કેવું ?

૧૯૬૯ નો મે મહિનો ચાલતો હતો. રાત્રે સ્વપ્નમાં બાળપણના એ મિત્રની બૂરી દશા જોઈ મારું ચિત્ત ઉદાસ થઈ ગયું હતું. મારા એ મિત્રનું નામ નવીન હતું. પરદેશમાં કોઈ ઉચ્ચ હોદ્દા ઉપર તે કામગીરી બજાવતો હતો ત્યાં લાંચ લેવાના આરોપસર તેની ધરપકડ થઈ અને તે જેલના સળિયા પાછળ ધકેલાઇ ગયો.

આવું સ્વપ્ન જોઇ આંખ ઉઘડી ગઈ પછી પાછી મળી નહિ. આખી રાત એમ જ પસાર થઈ ગઈ. બાળપણનાં સંસ્મરણો વાગોળતાં વાગોળતાં સવાર પડી ગઈ. ઊઠીને નિત્ય કર્મથી પરવારી હું પૂજામાં બેસી ગયો. માતાજીનું ધ્યાન ધર્યા બાદ મને એવી સ્ફુરણા જાગી કે સ્વપ્નની વાત નવીનને અચૂક જણાવવી. પરદેશની વાસ્તવિક આબોહવામાં એ શ્વાસ લેતો હોય તો પણ એની ઉપર આવનારી આફતની જાણ તો એને અચૂક કરવી જ જોઈએ. મિત્ર પ્રત્યેની મારી એ ફરજ હતી.

પરદેશનું સરનામું મારી પાસે નહોતું. એ કયા પ્રદેશમાં છે તેની પણ ખબર નહોતી. બાળપણમાં એ જયાં રહેતો હતો એ શેરીનો ખ્યાલ હતો. પૂછતાં પૂછતાં હું ત્યાં પહોંચી ગયો. નવીનની માતાને મળ્યો.

પંદર વર્ષનો સમયગાળો વીતી ગયો હતો એટલે નવીનની માતા મને એકદમ તો કેવી રીતે ઓળખી શકે? મેં મારી ઓળખાણ આપી. દીકરાના બાળગોઠિયાને જોઈ માતા હર્ષથી પુલકિત થઈ ઊઠયાં. મેં નવીનની ભાળ પૂછી, તો હરખઘેલી માએ કહ્યું, 'ભાઈ, નવીન તો બી. કોમ. થઈને પછી સી. એ. થઈને આફ્રિકા ગયો છે અને ત્યાં એકસાઈઝ ખાતામાં ઓડિટ ઑફિસર તરીકે સરકારી નોકરી કરે છે.'

આટલું જાણ્યા પછી મને થયું કે સ્વપ્ન પાયા વગરનું નથી. થોડી વાતો કર્યા પછી મેં નવીનની માતાને મારા સ્વપ્નની વાત કરી. તેઓ તો આ વાત સાંભળી ડુસકે ડુસકે રડી પડયાં. મેં તેમને શાંત પાડવા ઘણો પ્રયત્ન કર્યો પણ વિધવા માને એકના એક દીકરાની દુર્દશાના ખ્યાલથી જે આઘાત લાગ્યો હતો તેમાં ઝટ કળ વળે તેમ નહોતું. મેં મારું સરનામું આપી વિદાય લીધી. મેં માજીને સૂચના આપી કે દીકરાને તેઓ પત્ર લખીને સાવધાન રહેવાની જાણ કરે. માજીએ હા ભણી.

બરાબર એક અઠવાડિયા પછી મારા ઉપર પત્ર આવ્યો કે ૧૬ મી મેના રોજ (સ્વપ્નના બે દિવસ પછી) નવીનભાઈ પર કોઈ કેસમાં લાંચ લેતાં ઝડપાયાનો આરોપ છે. જો કે આમ નિર્દોષ છે.

પણ તેઓ દ્વેષીઓના કાવતરાનો ભોગ બન્યા છે. આવો પત્ર આવતાં નવીનભાઈનાં માતા મને રૂબરૂ મળવા આવ્યાં. તેમણે કહ્યું : 'ભાઈ, ગમે તેમ કરો, પણ મારો નવીન છૂટી જાય એવું કરી દો.'

મેં કહ્યું, 'મારા સ્વપ્નમાં તો આટલી જ વિગત આવેલી કે કેસ ચાલે છે અને સજા થાય છે. એથી આગળ મને કશું દેખાતું નથી. આપણે રાહ જોઈએ. જો તે દરમ્યાન માતાજી મને કશો આદેશ આપશે તો હું આપને તેની અચૂક જાણ કરીશ.'

નવીનભાઈનાં માતાએ અશ્રુભીની વિદાય લીધી.

નવીન પરના કેસની કાર્યવાહી ચાલતાં આઠ મહિના વીતી ગયા. સાક્ષીઓ ઘણા મક્કમ હોવાથી આખરે નવીનને સજા થઈ. બરાબર પાંચ વર્ષની જેલની સજા. નવીનનાં માતાએ મને સજાની જાણ કરી.

ત્યાર બાદ ચાર દિવસે મને બીજું સ્વપ્ન આવ્યું. પણ આ સ્વપ્નમાં નવીન નહોતો. સ્વપ્નમાં મા ગાયત્રીનાં દર્શન થયાં. માતાજીએ સૂચન કર્યું કે નવીનને જપ કરવાનું કહેવડાવ. બધું બરાબર થઈ જશે.

સ્વપ્ન પૂરું થતાં જ મારી આંખ ખૂલી ગઈ. મેં માતાજીને પ્રણામ કર્યા. નિત્યકર્મથી પરવારી નવીનની માતાને મેં પત્ર લખ્યો. પત્ર મળતાં સ્વપ્નની વાત વાંચી નવીનનાં માતા તાબડતોબ આવી પહોંચ્યાં.

સ્વપ્નમાં માતાજીએ કરેલા સૂચનની વાત કરી. નવીનને વિગતવાર પત્ર લખી તે માતાને સોંપી બધું નવીનને જાણ કરવા કહ્યું.

સાથે માજીએ પણ નવીનને પત્ર લખ્યો. માતાનો પત્ર મળ્યા પછી નવીને પણ માની શ્રદ્ધાને માન્ય રાખી ગાયત્રી ઉપાસના આરંભી.

જેલની ખોલીમાં જેટલી એકાગ્રતાથી થઈ શકે તેટલી એકાગ્રતાથી માતાજીની ઉપાસના–જપ આરંભ્યા.

આશ્ચર્યની વાત તો એ છે કે બે મહિનામાં જ નવીનનો ચમત્કારિક છુટકારો થયો. જેલમાંથી છૂટતાં જ તેણે માતાને તારથી જાણ કરી. તાર લઈ માજી હાંફળાં-ફાંફળાં એ ખુશખબર જણાવવા આવી પહોંચ્યાં.

માની અસીમ કૃપા સામે મેં મારું મસ્તક ઝુકાવ્યું. આજે નવીન હજાર કામો છોડીને પણ માતાજીની ઉપાસના કરે છે.

માણસ બધેથી હારે છે ત્યારે સ્વાભાવિક રીતે જ ઈશ્વરનું શરણું શોધે છે. પણ પોતાનાં જ કોઈ પુણ્યના–સત્કર્મના પ્રતાપે મનુષ્યને પોતાની આવનાર આપત્તિનો ઉકેલ આમ આપોઆપ સામે ચાલીને આવી મળે છે. પરમાત્માની–માતાજીની આવી અસીમ કૃપા વરસતાં મસ્તક તેનાં ચરણોમાં ઝૂકયા વિના રહેતું નથી.

□

# યોગીનો આદેશ

હું માળા કરી રહ્યો હતો ત્યારે મારી બંધ આંખો સામે હિમાલયની ધવલ ગિરિમાળા દેખાઈ રહી હતી. એક ગુફામાં બેઠેલા વયોવૃદ્ધ યોગીરાજ મને સંબોધીને કહી રહ્યા હતા : આજથી બરાબર આઠ દિવસે તારે ઘેર એક દમ્પતી આવશે. એ દમ્પતી નિ:સન્તાન છે. તેમને સન્તાન પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપજે.'

આ સંકેત મળ્યા પછી હું ફરી પાછો જપમાં લીન થઈ ગયો. માળા પૂરી થયા પછી મેં ઘરનાંને આ સંકેતની વાત કરી. યોગીજીએ માધ્યમ તરીકે પોતાની શું કામ પસંદગી કરી હશે એનું અચરજ પણ વ્યક્ત કર્યું. મારી ડાયરીમાં બધી વિગતો લખી લીધા બાદ ભગવાનની મરજીને માથે ચઢાવી હું તે દમ્પતીની રાહ જોઈ રહ્યો.

એ આઠમો દિવસ આવી પહોંચ્યો. આવનાર દમ્પતીનો મને અગાઉથી અણસાર મળી ચૂક્યો હોવાથી ડોરબેલ રણક્યો એટલે મેં જ જાતે જઈને બારણું ખોલ્યું અને આવકાર આપ્યો.

આધેડ વયનાં એ દમ્પતીને આવકાર આપતાં મેં પ્રશ્ન કર્યો, 'ઘર શોધતાં તકલીફ તો નથી પડી ને?'

'ના રે, અમારી પાસે બરાબરનું પાકું સરનામું હતું એટલે સીધાં આપને બારણે આવીને ઊભાં રહ્યાં ને તમે જ બારણું ખોલ્યું.'

'પણ તમને મારું સરનામું આપ્યું કોણે?' મેં પ્રશ્ન તો કર્યો. પણ જવાબ પણ મારા મનમાં જ હતો. જેણે મને આગન્તુકોની જાણ કરી હતી, એણે જ સરનામું તો આપ્યું હોય ને? પણ પૂરી ખાતરી કરવાના ઈરાદાથી જ મેં પ્રશ્ન કર્યો.

'હરદ્વારના યોગીજીએ' પત્નીએ જવાબ આપ્યો. એની આંખોમાં શ્રદ્ધાનો સ્રોત ઊભરાતો હતો.

'તમે હરદ્વાર ક્યારે ગયેલાં?' મેં પૂછ્યું.

'આમ તો અમે દર વર્ષે જઈએ છીએ. ખૂબ સમૃદ્ધિ તો નથી, પણ ખાધપીધે સુખી છીએ. બે જણને વાપરતાં જે બચે છે તે ખર્ચતાં ખર્ચતાં હરદ્વાર પહોંચી જઈએ છીએ, મહિનો માસ ત્યાં રહીએ છીએ.' પુરુષે સ્પષ્ટતા કરી.

'તમારી ધર્મશ્રદ્ધા અભિનન્દનને પાત્ર છે.' મેં તેઓને બિરદાવતાં કહ્યું.

'સાવ એવું યે નથી. મનમાં આશા પણ છે કે મા ગાયત્રીની કૃપાથી કોઈ પુણ્યશાળી આત્માના આશીર્વાદ મળે તો અમારું વાંઝિયા મહેણું ટળે! આજે પરણ્યાને પચ્ચીસ વર્ષો થયાં, પણ...' બહેન આગળ બોલી શક્યાં નહિ.

મને આ દમ્પતીની નિખાલસતા ગમી. ઘરમાંથી પાણી મંગાવી બહેનને આપ્યું. પાણીના સાથે દુ:ખનો ઘૂંટડો ઊતારી જઈ બહેન સ્વસ્થ બની ગયાં અને વાતનો દોર સાંધતાં બોલ્યાં,

'અને એવા એક મહાત્મા અમને અચાનક મળી ગયા. અમે એક સાંજે ઊબડખાબડ પગદંડીઓ ઓળંગતાં જઈ રહ્યાં હતાં, ત્યાં સામેથી એક યોગીજીને આવતા અમે જોયા. અમારી પાસે પુષ્કળ

પ્રમાણમાં ફળફળાદિ હતાં. યોગીજીને ચરણે એ ધરી દેવાનો ઉમળકો એકાએક મારા મનમાં જાગ્યો. મેં મારા પતિને વાત કરી. અમે બન્નેએ પ્રણામ કરી યોગીજીને ચરણે એ ફળફળાદિ ધરી દીધાં. અમારી તરફ નજર માંડી ગંભીર અવાજે તેઓ બોલ્યાં:

'બેટા, તેરે ઘર સન્તાન નહીં હૈ. મુજે માલૂમ હૈ. મૈં તેરેકુ યે બતા દેતા હૂઁ વહાઁ જાના ઔર વો શાસ્ત્રી જો બોલે બરાબર કરના, સમજે? તુમ્હારા સબ દુઃખ દૂર હો જાયેગા...' આટલું કહીને એમણે આપતું સરનામું લખાવ્યું. એ સરનામે અમે આપને ત્યાં આવી પહોંચ્યાં છીએ. અમને ઘર શોધતાં, સહેજે તકલીફ પડી નથી. હવે તો આપ જે ફરમાવો તે અમારે કરવાનું રહ્યું.' બહેને વાત પૂરી કરી.

વાત પૂરી થતાં હું ઊઠયો અને મારી ડાયરી કાઢી બરાબર અઠવાડિયા અગાઉની તારીખનું પાનું કાઢી એ દંપતીને દેખાડયું. એમાં આ દંપતીના આગમનના સંકેતની વાત નોંધેલી હતી, જે મેં પેલા દમ્પતીને કહી સંભળાવી. બધી વાત જાણી આનન્દ સાથે આશ્ચર્ય અનુભવી રહેલાં પતિપત્નીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

હજારો માઈલ દૂરથી યોગીજીએ આપેલા આદેશને અનુસરી મેં તે દમ્પતીને આશીર્વાદ આપ્યા અને ગાયત્રી-મન્ત્રની માળા પૂરી શ્રદ્ધા અને ખંતથી કરવા જણાવ્યું. મેં તેઓને કહ્યું કે તમારા અન્તઃકરણની ઇચ્છા અવશ્ય ફળીભૂત થશે. યોગીઓની યોગશક્તિ અને મન્ત્રની મહાન તાકાતનો આજના યુગમાં આપણને અનુભવ ન હોય, પણ તમને એક અનુભવ તો થઈ ચૂકયો છે, એટલે શ્રદ્ધા રાખી પૂરી એકાગ્રતાથી ઉપાસના કરજો.

બરાબર સાત મહિના બાદ, મારા પર પત્ર આવ્યો કે આપના સૂચન મુજબ ઉપાસના ચાલુ છે. બહેને ઈશ્વરકૃપાથી ગર્ભધારણ કર્યો છે. તેમની તબિયત ઘણી સારી છે અને ફરી મળવા માટે મારી પાસે સમય માગ્યો હતો.

મેં આપેલા સમયે તેઓ મળવા આવ્યા, ત્યારે બન્નેની મુખમુદ્રા ઉપર કંઈ ગજબનો ફેરફાર થઈ ગયો હતો. ઈશ્વરની અસીમ કૃપાએ સર્જેલા ચમત્કારે તેઓના જીવનમાં જાણે નવી ચેતના ભરી દીધી હતી.

તેમને ત્યાં સમય જતાં બાબાનો જન્મ થયો.




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# નામસ્મરણ

ડૉ. કાન્તિલાલ કાલાણી

જીવ માયાને વશ વર્તીને ચાલે છે. તે સુખપ્રાપ્તિની સતત ઇચ્છા કરે છે. પોતે જે શરીર ધારણ કર્યું છે તેમાં પોતાપણું માને છે. તેણે જે નામ ધારણ કર્યું હોય તેની સાથે તે પોતાને સાંકળી દે છે અને નામરૂપનો મોહ છોડી શકતો નથી.

જીવ વિષયોના ક્ષણિક સુખોને કાયમ કરવાનો પ્રયત્ન કરે છે, પણ કોઈ સુખ શાશ્વત બની શકતું નથી. એટલે જેને એ સુખ માને છે તે જ તેને દુઃખ ઉપજાવે છે. સાંભળવાનું ગમતું હોય તે જ સાંભળવાનો જીવ આગ્રહ રાખે છે, ગમતા સ્પર્શને જ તે ઇચ્છે છે, જોવામાં પણ ગમતા રૂપને જ જોવાનો ભાવ રાખે છે, ગમતા સ્વાદને ગ્રહણ કરે છે. આમ વિષય ભોગવવામાં તે પોતાની રુચિને આધીન રહીને જ ભોગ ઇચ્છે છે, પણ રુચિની વિરુદ્ધ જે કાંઈ હોય તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. ઇન્દ્રિયો દ્વારા ભોગવાતા ભોગો પોતે જ ભોગવે છે એવી તેની સમજણ હોવાથી તેમાં સુખદુઃખના ભાવ અનુભવે છે.

અજ્ઞાનને કારણે શરીરને અને દૃશ્ય જગતને આપણે આપણાં માની બેઠાં છીએ અને તેની ચોપાસ ઘૂમ્યા કરીએ છીએ. જે અનિત્ય છે અને જે આવે છે અને અલોપ થાય છે તેને પકડવામાં જીવનની સકલ શક્તિ ખર્ચી નાખીએ છીએ, પણ જે નિત્ય અને શાશ્વત છે તેને પામવાનો પુરુષાર્થ કરતા નથી. આપણે સતત ધ્યાનમાં રાખવું જોઈએ કે જે સ્વયં ડૂબનારું છે, ભાંગીને ભુક્કો થઈ જનારું છે તે આપણને શી રીતે બચાવી કે તારી શકશે અથવા શાશ્વત સાથે જોડી આપશે?

એવો કોઈ ઉપાય છે, જે આપણને પરમતત્ત્વ સાથે એકરૂપ કરી શકે? અનુભવી પુરુષો જ્ઞાનમાર્ગનો, ભક્તિમાર્ગનો, યોગ કે કર્મમાર્ગનો આશ્રય લેવાનું કહે છે. આ તમામ માર્ગોમાં બહુજનસમુદાય માટે ભક્તિમાર્ગનો અને તેમાં ય નામસ્મરણનો મહિમા વિશેષ થયો છે. સન્તોએ નામસ્મરણને સારનો ય સાર કહ્યો છે. એમાં બધું આવી જાય છે. જેણે નામ જાણ્યું તેણે સર્વ જાણ્યું એવું સન્તો કહે છે.

આ નામસ્મરણ ભિન્ન પ્રકારે કરવાનું છે. પોપટપાઠ કરવાનો નથી. ભગવદ્‌નામ બોલવા ખાતર બોલવાનું નથી. સન્ત કબીર કહે છે તેમ —

> 'સુમિરન કી સુધિ યોં કરૌ, જૈસે કામી કામ
> એક પલક બિસરૈ નહીં નિસદિન આઠો જામ.'

જેવી રીતે કામી પુરુષ વિષયવાસનાનું સ્મરણ કરતો હોય છે એવી જ રીતે રાત-દિવસ હરિનામનું સ્મરણ કરવાનું છે. કામી પુરુષ રાતદિવસ, કહો કે આઠે ય પ્રહર એક ક્ષણ પણ 'કામ'ને વિસરતો નથી તેમ ભક્તે હરિને ભૂલવા ન જોઈએ.

> 'સુમિરન સોં મન લાઈએ, જૈસે નાદ કુરંગ
> કહ કબીર બિસરૈ નહીં, પ્રાણ તજૈ તેહિ સંગ.'

હરણ સંગીત સાંભળવામાં એકતાન થઈ જાય છે, એવી રીતે મનને નામસ્મરણમાં તલ્લીન કરવું જોઈએ. કબીર કહે છે કે હરણ સંગીત ખાતર પોતાનો પ્રાણ કુરબાન કરે છે, તેમ મનુષ્યે નામસ્મરણમાં

એકાગ્ર રહેવું જોઈએ. પ્રાણની પણ પરવા કર્યા વિના પ્રહ્લાદની જેમ હરિનામને વળગી રહેવું જોઈએ. તેમાં એકલીન થઈ જવું જોઈએ.

આવી એકલીનતા તુલસી કે રુદ્રાક્ષની માળા ફેરવતાં આવે જ એવું ખાતરીપૂર્વક કહી શકાય તેમ નથી. નામસ્મરણ શ્વાસોચ્છ્વાસમાં પ્રવેશી જાય તો તે પ્રાણ સુધી પ્રવેશી શકે. પ્રાણની ભૂમિકાએ જે નામસ્મરણ થાય છે તે નિર્મળ હોય છે.

નામસ્મરણ કરતી વેળા કેવી સ્થિતિ હોવી જોઈએ તેની કબીરજીએ સ્પષ્ટતા કરી છે :

'તન થિર મન થિર બચન થિર, સૂરત નિરત થિર હોય,
કહ કબીર ઇસ પલક કો, કલ્પ ન પાવે કોય.'

જ્યારે આત્મા પરમાત્મામાં સ્થિર થાય છે ત્યારે શરીર, મન અને વાણી સ્થિર થાય છે અથવા ચંચળ વૃત્તિનો અન્ત આવે છે. એટલે સન્તોએ નામસ્મરણનો સુલભ માર્ગ ચીંધ્યો છે છતાં પરમાત્મા પ્રત્યે કેમ પ્રીતિ થતી નથી? પરમ તત્ત્વ ભણી ડગલાં ભરવાં આપણે કેમ વિચારતા નથી! તેનાં અનેક કારણો છે. તેમાં એક મહત્ત્વનું કારણ શરીર સાથે સંકળાયેલી અન્તઃકરણની દીવાલ છે.

જીવનનો અનુભવ એવો છે કે ચઢાણ અઘરું ને આકરું પડે છે, જ્યારે ઉતરાણ સહેલું અને સરળ પડે છે. પણ સહેલો લાગતો અને શરીર તેમ જ મનના ભાવોમાં બાંધી રાખતો માર્ગ છોડી દઈ બુદ્ધિ, ચિત્ત અને અહંનાં ઊંચાણવાળાં પગથિયાં પર ચડવાનો સંકલ્પ કરે તો તેને શમ, દમ અને તપ તેમ જ સત, ચિત્ત અને આનન્દનો અનુભવ થયા વિના ન રહે.

જે જીવન વિશે વિચારતા નથી અને મોજશોખ તેમ જ ભોગવટા માટે આતુર છે તેઓ સહેલાઈથી શરીર અને મનના પ્રદેશમાં ઉતરાણ કરે છે. પશુના જીવનમાં અને તેના જીવનમાં વિશેષ તફાવત રહેતો નથી પણ જીવનની ખોજ કરવાની જેમનામાં તાલાવેલી છે તેઓ સચેત થઈ જાય છે અને શરીર તેમ જ મનનાં આધિપત્યમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરે છે. નામસ્મરણ તેમાં ઘણું સહાયભૂત થાય છે. આ જ નામસ્મરણ વિવેક, વૈરાગ્ય અને નિશ્ચયને સ્થિર અને દૃઢ કરવામાં તેમ જ સત્, ચિત્ત અને આનન્દનું સતત સાન્નિધ્ય મળે તેમાં સહાયરૂપ થાય છે.

નામસ્મરણ કરતી કેટલીક વ્યક્તિઓને મુખે આપણે સાંભળીએ છીએ કે ભગવાનનું નામ લઉં છું પણ જીવન પર તેનો કોઈ પ્રભાવ વર્તાતો નથી અથવા જોઈએ તેવાં શાન્તિ અને આનન્દ મળતાં નથી. આનું શું કારણ? જે નામસ્મરણ ભાવસભર ન હોય, જે નામસ્મરણ વિવેક, વૈરાગ્ય અને નિશ્ચયના ભાવથી રસાયેલું ન હોય, જે નામસ્મરણને શમ, દમ અને તપનો પુટ ન લાગેલો હોય તે સત, ચિત્ત અને આનન્દનો શી રીતે અનુભવ કરાવી શકે? જે નામસ્મરણમાં પ્રાણનો સંચાર ન થયો હોય તે પ્રાણવાન શી રીતે બને! જે નામસ્મરણમાં આપણા સમગ્ર અસ્તિત્વનો પ્રવેશ થયો છે તે નામ પાવનં પાવનાનામ્–પવિત્રમાં પવિત્ર બની રહે છે. પાપનો નાશ કરવાની તેની શક્તિ પણ અસામાન્ય છે.

ભગવદ્‌નામમાં પાપનો નાશ કરવાની એટલી બધી શક્તિ છે કે મોટામાં મોટો પાપી ગમે તેટલાં પાપ કરે તો પણ એ શક્તિ આગળ એની પ્રબળતા રહેતી નથી.

અન્તઃકરણની અંદર એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના કોઈ પણ ખૂણે–ખાંચરે મેલ કે કાટ ચડી ગયો હોય તે નામસ્મરણ દ્વારા દૂર થઈ જવાનો. નામસ્મરણ અન્તઃકરણને નિર્મળ કરવાનું એક ઉત્તમ સાધન છે. એનામાં જેટલું જોમ હશે એટલું એ કાર્યાન્વિત થવાનું. પણ એનો અર્થ એવો નહિ કે નામસ્મરણ કરતી વેળા ભાવની ભરતીઓ ન ઊઠે તો તેને છોડી દેવાનું. એમ કરીશું તો એનું

બીજ ક્યારેય વધારો નહિ. આપણે હરિનામનું બીજ હૃદયમાં રોપવું છે. ભાવ હશે તો એની રોપણી થયા વિના રહેશે નહિ અને એક વાર એ રોપાઈ ગયું તો એની કૂંપળ ફૂટ્યા વિના રહેશે નહિ. નામસ્મરણ થતું હશે તો ક્યારેક તો એ હૃદયની ભૂમિ સુધી અવશ્ય પહોંચી શકશે માટે ભાવપૂર્વક નામસ્મરણ કર્યા કરવું ઈષ્ટ છે. આ બાબતમાં અનુભવી સન્તોનો ટેકો છે :

'નામ લિયા તો સબ કિયા, સકલ શાસ્ત્રકા ભેદ
બિના નામ નરકે ગયા, પઢ પઢ ચારો વેદ.'

શાસ્ત્રોનો અભ્યાસ બુદ્ધિને સતેજ કરે, જ્યારે નામસ્મરણ આપણા અસ્તિત્વને શુદ્ધ કરે છે. નામામૃતનો જેમણે સ્વાદ ચાખ્યો છે તેઓ તેનો મહિમા ગાતાં થાકતા નથી.

'જો સુખ પાવો રામ ભજનમેં સો સુખ નાહિ અમીરીમેં.'

રામ ભજનમાં સુખની પરાકાષ્ઠાનો અનુભવ થાય છે. એની તોલે અમીરાત પણ આવી ન શકે. સન્ત તુલસીદાસે રામનામને કલ્પતરુ કહ્યું છે. કલિયુગમાં ભગવદ્સ્મરણ સમાન કલ્યાણકારી અન્ય કોઈ સાધન નથી.

□

# અકસ્માતમાંથી બચાવ

અકસ્માતના બનાવો છાશવારે બનતા રહે છે. આથી લાંબા અન્તરે ટ્રેન કે બસ મારફતે મુસાફરી કરતાં લોકોમાં અકસ્માતનો ભોગ બનવાની દહેશત સ્વાભાવિકપણે જ રહે છે. શાસ્ત્રીજીની મુલાકાતે આવતાં મુલાકાતીઓ જ્યારે લાંબા કે ટૂંકા અન્તરના પ્રવાસે જાય ત્યારે તેમના આશીર્વાદ અને સમ્મતિ લઈને જાય છે. એ આશીર્વાદ અને સમ્મતિના આધારે, તેમની શ્રદ્ધાની રૂએ પ્રવાસમાં તેઓને કોઈ મુશ્કેલી નડતી નથી કે પછી સંભવિત અકસ્માતમાંથી તેઓ ઊગરી જાય છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે. વિજયાબહેન લખી જણાવે છે કે,

'હું, મારી દીકરી, જમાઈ ને તેમના બે બાબા ૧૯૮૬ના મે મહિનાની અગિયારમીએ મુંબઈથી બદરીનાથ જવા રવાના થયા હતા. બન્ને છોકરા નાના હતા તેથી અમને ડર લાગતો હતો. શાસ્ત્રીજીના આશીર્વાદ લીધા ત્યારે હિંમત આવી. હરદ્વારથી એમ્બેસેડરમાં બદરીનાથ જવા રવાના થયા ત્યારે એમ્બેસેડરમાં જે રીંગ હતી તે ખોટી રીંગ હતી. ગાડી કેવી રીતે ઉપર ચઢી ને નીચે ઊતરી તેનો ખ્યાલ ન આવ્યો અને સુખરૂપ ઋષિકેશ આવ્યા ત્યારે ગાડી બગડી ગઈ. ડ્રાયવરે ગાડી તપાસીને કહ્યું કે ગાડીની રીંગ નકામી હતી. ગાડી અધવચ્ચે કેમ અટકી નહિ તે જ નવાઈની વાત છે. આ રીંગથી ગાડી ઉપર જઈ ન શકે, વચ્ચે જ અટકી જાય. પણ ગુરુદેવના આશીર્વાદ હતા તેથી સુખરૂપ દર્શન કરીને ઋષિકેશ આવ્યા પછી જ ગાડી બગડી. મા ગાયત્રી અને ગુરુદેવના આશીર્વાદથી અમે હેરાન થતાં બચ્યાં !'

□

# દર્દનો પ્રભાવ

મુશ્કેલીઓ-આપત્તિઓનો એક સ્વભાવ છે કે તે આવે છે ત્યારે સર્વત્ર તેનો પ્રભાવ પાથરી દે છે. અચાનક હાથમાં ફાંસ ભોંકાય ને તેનું ઝીણું ઝીણું દર્દ થયા કરે, પગમાં ઝીણો કાંટો ભોંકાય ને તેના સણકા થયા કરે ત્યારે સમગ્ર શરીરના સ્વાસ્થ્યને તે ખળભળાવી મૂકે છે. નાનું અમથું દર્દ મનુષ્યની સમગ્ર સ્વસ્થતા પર વિપરીત અસર કરે છે. શાસ્ત્રીજીનું માર્ગદર્શન, ઉપાસનાનું નિદર્શન અને જીવનજળ તેમ જ તેમનાં સૂચનો ખળભળી ઊઠેલા સ્વાસ્થ્યને, સંક્ષુબ્ધ થઈ ઊઠેલી સ્વસ્થતાને સ્થિર ને શાંત બનાવે છે.

મનુષ્યનું આવું નાનું દર્દ તેના સમગ્ર જીવન પર પોતાનો પ્રભાવ પાથરે છે ને શારીરિક, માનસિક, કૌટુમ્બિક તેમ જ આર્થિક રીતે વિપરીતતાનો વિષમતાનો અનુભવ કરાવે છે.

અહીં પ્રસ્તુત કરેલો પ્રસંગ આ જ હકીકતનું સમર્થન કરે છે.

ભાવનગરના શ્રી મંગળભાઈ લખી જણાવે છે કે —

"તા. ૨૧-૧૧-'૮૮ના રોજ રાબેતા મુજબના ક્રમ પ્રમાણે હું દુકાને હતો. બપોરના બે આસપાસ એકાએક મારું શરીર તૂટવા લાગ્યું. શરીરમાં સુસ્તી ભરાવા લાગી. ત્રણ વાગ્યે હું ઘેર પહોંચ્યો. ઘેર પણ મારાં પત્નીની હાલત મારા જેવી જ હતી. સાંજે છ વાગ્યે અમોએ દવાખાને જઈ દવા લીધી. બીજો દિવસ થયો પણ કોઈ જ ફેર લાગ્યો નહિ. પરન્તુ મગજના તાવમાં વધારો થયો હતો. બીજે દિવસે મારાં બન્ને બાળકોને પણ તાવ આવ્યો હતો.

ત્રીજે દિવસે અમને બન્નેને તાવ ખૂબ જ વધી ચૂક્યો હતો. ચોથા દિવસે ડૉકટર બદલ્યા. તેમની પણ ત્રણ દિવસ ટ્રીટમેન્ટ કરી. પણ તાવ ઘટવાને બદલે વધવા લાગ્યો. અમે બન્ને બચી શકીએ તેવી કોઈ શકયતા નહોતી. મેં ત્રીજો ડૉકટર બદલ્યા પણ કોઈ ફેર પડયો નહિ.

અમદાવાદથી ગુરુદેવ પાસેથી જીવનજળ મંગાવ્યું. જળ સાથે ગુરુદેવે તુલસીનાં નવ પાન સવારે ખાવા જણાવ્યું હતું. ગુરુદેવે કહ્યું હતું કે કંઈ વાંધો નહિ આવે. બધું સારાવાના થશે. મને ગુરુજીના વાકયમાં તેમ જ જીવનજળમાં અતૂટ વિશ્વાસ હતો. ડૉકટરની દવા બંધ કરી અને ગુરુદેવના સૂચનનો અમલ કર્યો. ફક્ત ત્રણ દિવસમાં જ અમો ચારે ય જણાની તબિયત સારી થઈ ગઈ. જાણે કંઈ જ થયું નથી. ઝડપથી સારું થઈ ગયું.

ગુરુદેવના શબ્દો મેં મારા દિલની ડાયરીમાં લખી નાખ્યા છે.

ગુરુદેવ સૌને નિષ્કામ ભાવે ઉપાસના કરવાનું કહે છે. કોઈ પણ પ્રકારની શરત ન રાખવા જણાવે છે. પણ ઘણીવાર માતાજીમાં અતૂટ-અખૂટ શ્રદ્ધા અને ગુરુદેવ પ્રત્યેના આદર-અહોભાવથી પ્રેરાઈને કોઈ કોઈ વ્યક્તિ મનોમન ઇપ્સિત ધ્યેયને સાકાર કરવા સંકલ્પ કરી લે છે. એ સંકલ્પને સહારે તેમનું ધ્યેય સિદ્ધ પણ થાય છે. અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

શ્રી વિજયાબહેને જણાવ્યું હતું કે, "મારી દીકરીના નાના બાબાને મરડો થયેલો. રોજના વીસ-પચ્ચીસ ઝાડા થતા હતા. તે સાવ નંખાઈ ગયો હતો. મારી દીકરીએ સંકલ્પ કર્યો કે શાસ્ત્રીજી જ્યારે મુંબઈ આવશે ત્યારે બાબાને પગે લગાડીને પછી જ હું દૂધ પીશ. બાબાને ત્રણ-ચાર દિવસમાં જ બધું મટી ગયું. શાસ્ત્રીજી જ્યારે મુંબઈ વિજયભાઈને ત્યાં આવ્યા ત્યારે બાબાને પગે લગાડવા લઈ ગયા. શાસ્ત્રીજીએ પ્રેમથી આશીર્વાદ આપ્યા."

આમ વ્યક્તિની મનોશ્રદ્ધા જ તેને સદાને માટે ઉપકારક બની શકે છે. જીવનનાં નાનાંમોટાં કાર્યો સિદ્ધ કરવા માનવીના અન્તરની ઊંડી શ્રદ્ધા જ તેને સંકલ્પ કરવા પ્રેરે છે. જીવનનાં દર્દનો – આપત્તિઓનો– સમસ્યાઓનો પ્રભાવ એવો પ્રબળ હોય છે કે મનુષ્ય મનોમન આમ સંકલ્પ કરી બેસે છે. મનુષ્યનો will-power–એની—ઇચ્છાશક્તિ જ તેનો ઉકેલ દેખાડે છે કે મુક્ત કરે છે. ઇચ્છાશક્તિ દૃઢ શ્રદ્ધા-વિશ્વાસ ને ઉપાસનાથી જ જન્મી શકે છે.

□

M. N. CHAMPANERIA
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

JANAK ENTERPRISE
1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

# અલૌકિક અનુભૂતિ

અલૌકિક પરમતત્ત્વની શરણાગતિ દ્વારા, તેના નામસ્મરણ દ્વારા, અન્તઃકરણપૂર્વકની પ્રાર્થનાથી કલ્પનાતીત, અગમ્ય ને અલૌકિક અનુભવ થાય છે. અત્યંત આશ્ચર્યકારક ને આનન્દદાયક નીવડે છે, જે નીચેના પ્રસંગ પરથી જ સમજી શકાશે.

ભાવનગરના શ્રી બિપીનભાઈ જાની લખી જણાવે છે કે, "હું ગ્રેઈનમાં ભાવનગરની ઑફિસમાં સર્વિસ કરું છું. એક દિવસ મગફળી બિયારણ લેવા જવાનું થયું. ભાવનગરથી હું ટેમ્પો લઈને રાજકોટ પાસે તરઘડિયા ગામે આવેલ કૃષિ યુનિવર્સિટીના ફાર્મમાંથી મગફળી બિયારણની ૪૨ ગુણી લેવાની હતી. બાકીની ૪૭ ગુણી જૂનાગઢ જિલ્લાના માણાવદર ગામે આવેલ કૃષિ યુનિવર્સિટીના ફાર્મમાંથી લેવાની હતી. એ લઈને જુદે જુદે સ્થળે આવેલી અમારી ઑફિસે ઉતારીને ભાવનગર પરત આવવાનું હતું. ટેમ્પા સાથે હું તથા ડ્રાઈવર અને ક્લીનર એમ ત્રણ જણા હતા. તરઘડિયાથી ૪૨ ગુણી બિયારણ ભરીને માણાવદર જવા બપોરે સાડા ત્રણ કલાકે જવા રવાના થયા. ગોંડલ અને જેતપુર વચ્ચે અમે પહોંચ્યા ત્યાં અચાનક વરસાદ વરસવો શરૂ થયો. વરસાદ એટલો બધો વરસતો હતો કે વાહન માંડ માંડ ચાલી શકે. ડ્રાઈવરે ટેમ્પો ઊભો રાખ્યો. અમે ત્રણેએ વિચાર કર્યો કે અહીં ઊભા રહીશું તોય ગુણો પલળવાની છે અને ટેમ્પો ચલાવીશું તોય ગુણો પલળવાની છે. અમે ઢાંકવા માટે કશું જ સાથે લીધું નહોતું. અમે ગુણો બાંધવા માટે ફક્ત દોરડા જ સાથે લીધા હતા. મને ખૂબ જ ચિંતા થવા લાગી. તે સમયે મેં શાસ્ત્રીજીનું સ્મરણ મનોમન ચાલુ કરી દીધું, કે આટલો બધો વરસાદ પડે છે અને ગુણો ઢાંકવા માટે અમે કંઈ જ સાથે લાવ્યા નથી. ચારસો રૂપિયાનું વીસ કિલો લેખે બિયારણ છે એ બધું જ પલળી જવાનું છે. એમ મનોમન ગુરુદેવનું સ્મરણ ચાલુ હતું. એટલામાં વિચાર ઝબક્યો કે ધીમે ધીમે ટેમ્પો ચલાવીએ. ક્યાંક છાપરા જેવું મળશે ત્યાં ટેમ્પો ઊભો રાખીશું એમ વિચાર કરીને ટેમ્પો ચાલ્યો, ત્યાં વરસાદ સાવ રહી ગયો અને ખુલ્લું વાતાવરણ દેખાયું. પછી બે કિ. મી. જેટલો ટેમ્પો ચાલ્યો તે સમયે મેં ડ્રાઈવરને કહ્યું કે 'ભાઈ, ઊભા તો રહો, ગુણો કેવી પલળી છે તે તો જોઈ લઈએ'. અમે ત્રણે જણા કેબિનનું બારણું ખોલી ટેમ્પા ઉપર ચઢયા તો એક પણ ગુણી પલળી ન હતી. ગવર્નમેન્ટ તરફથી સીલ કરેલા કાગળના લેબલ ગુણો પર મારેલા હતા અને લેબલમાં બોલપેનથી લખ્યું હતું કે કઈ જાતનું બિયારણ છે, કઈ તારીખે પેકિંગ કર્યું, પેકિંગ સમયે નેટ વજન કેટલું હતું અને ઑફિસરની સહી હતી. લેબલ માર્યું હતું તે ભીનું ન થયું અને અક્ષરો પણ એવા ને એવા જ હતા. હું તો મનોમન સમજી ગયો કે પૂ. ગુરુદેવની કૃપા વરસી છે. તો જ આમ બની શકે. ડ્રાઈવર અને કિલનર સાથે હતા તે તો વિચારમાં જ પડી ગયા કે આટલા બધા વરસાદમાં એક પણ ગુણી તથા લેબલ પણ પલળ્યું નથી. આમ કેમ બન્યું હશે? તેઓ પણ વિચારમાં પડી ગયા, ત્યાર બાદ અમે માણાવદર સાંજે સાત વાગ્યે પહોંચ્યા. ત્યાંથી બિયારણની ૪૭ ગુણી ભરી અને અમારી જુદા જુદા સ્થળે (ગારિયાધાર-પાલીતાણા-મહુવા) આવેલી ઑફિસે ઉતારીને બીજા દિવસે સાંજે ભાવનગર પહોંચી ગયા.

□

# જન્મગત બિમારી

કેટલીકવાર વ્યક્તિને જન્મગત શારીરિક બિમારી કે ખોડખાંપણ હોય છે એથી વ્યક્તિને અને તેના માતા-પિતા કે સગા-સમ્બન્ધીને ઘણું દુઃખ થાય છે, મુશ્કેલી પડે છે. તેનું નિવારણ કરવા તેઓ તમામ પ્રયત્નો આદરે છે. નિષ્ણાંત તબીબોનો સમ્પર્ક સાધી તેમની સારવાર લે છે પણ સરળતાથી તેનું નિદાન પણ થતું નથી કે તેનું નિવારણ પણ થતું નથી. કેટલીક બિમારીમાં ડોક્ટરો ઘણી વાર ઓપરેશન કરવાની સલાહ આપે છે, પણ એથી તે મટી જ જાય કે કેમ તે તો એક પ્રશ્ન જ રહે છે.

આવી વિષમ ને મુશ્કેલ પરિસ્થિતિમાં માનવી ઘણીવાર પોતાના ઇષ્ટનું કે કોઈ સન્ત-ગુરુનું માર્ગદર્શન મેળવે છે. પદાર્થ કે પરિસ્થિતિની પેલે પારનું રહસ્ય જાણનારા-સમજનારા સન્તો પરમતત્ત્વના સંકેત અને પ્રેરણાથી માર્ગદર્શન આપે છે, કઈ રીતે સારવાર લેવી તે પણ સમજાવે છે, એથી વ્યક્તિની એક મસમોટી પીડા, મુશ્કેલીનો અન્ત આવી શકે છે.

શાસ્ત્રીજી પાસે આવનાર માણસો પોતાની દરેક મુશ્કેલી માટે તેમનું માર્ગદર્શન માગે છે, કોઈ બિમારી પરત્વે જ્યારે ડૉક્ટર ઓપરેશનનું સૂચન કરે છે ત્યારે પણ તેઓ ગુરુદેવના માર્ગદર્શન પ્રમાણે જ ઓપરેશન કરાવવા ન કરાવવાનો નિર્ણય લે છે અને પોતાની બિમારી કે મુશ્કેલીમાંથી રાહત કે મુક્તિ મેળવે છે.

અત્રે આવો જ પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

ભાવનગરના એક ભાઈ લખી જણાવે છે :

"અમારી બદલી ૧૯૭૮ માં રાજકોટથી અમદાવાદ થઈ. દરમ્યાનમાં મારી મોટી પુત્રી ચિ. રશ્મિને હૃદયની ખામી હોવાને કારણે તબિયત નાદુરસ્ત હતી તે વાતાવરણ બદલાતાં વધારે બગડવા લાગી. આ બધાની સીધી અસર મારાં પત્નીની તબિયત અને પરિવારના અન્ય સભ્યોને થવા માંડી. હું શાસ્ત્રીજીની મુલાકાતે આવ્યો અને હકીકત રજૂ કરી.

ગુરુદેવે જળ અભિમન્ત્રિત કરી આપ્યું અને સાથોસાથ ત્રણ માળા કરવા અને તુલસી-લસણ નિયમિત લેવા સૂચવ્યું. અમે તેનો અમલ કર્યો.

દરમ્યાન કુટુંબના દરેક સભ્યોને મા ગાયત્રીની ઉપાસનામાં અભિરુચિ થવા માંડી. અમને સૌને મા ગાયત્રીની ઉપાસનામાં અપાર શ્રદ્ધા થઈ. આમ કુલ આઠ વર્ષ ઉપરના સમયમાં અનેક વખત અમે આપની મુલાકાતે આવતાં રહેતાં. ચિ. રશ્મિની વાત ગુરુદેવને જણાવતા રહેતા. સાથોસાથ અન્ય મૂંઝવણો માટે પણ રજૂઆત કરી માર્ગદર્શન, આશીર્વાદ મેળવતા રહેતા. આ સમય દરમ્યાન ઘણાં મુશ્કેલ કાર્યો પાર પડી ગયાં.

ચિ. રશ્મિની બિમારી બાબત ચિંતા રહેતી. શાસ્ત્રીજી જીવનજળ ચાલુ રાખવા સૂચન કરતા અને 'મા બધું કરી આપશે' એમ આશ્વાસન આપતા.

રશ્મિની હૃદયની ખામી જન્મગત છે એવો દાક્તરોનો અભિપ્રાય હતો. જુદાં જુદાં શહેરોના નામાંકિત નિષ્ણાતોના કહેવા મુજબ ઓપરેશન કરાવવું જરૂરી હતું. પણ અમારી હિંમત નહોતી. શાસ્ત્રીજીએ ઓપરેશન ન કરાવવા જણાવ્યું હતું.

ગુરુદેવના વચનમાં રશ્મિ અને અમને સૌને અપાર શ્રદ્ધા હતી. અમે હૃદયરોગના ફિઝિશિયન તેમ જ સર્જનોને તબિયત બતાવી. તેમણે એકસ-રે, ઈ. સી. જી. વગેરે દરેક જાતની તપાસ કરી. અમારા પરમ આશ્ચર્ય વચ્ચે ડૉક્ટરોએ અમને એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે હૃદયમાં કોઈ જાતની ખામી નથી. આ બાબત માની શકાય તેમ ન હોવા છતાં મને તરત જ સમજાઈ ગયું કે માની કૃપાથી કશું અશક્ય નથી. અમે મા તેમ જ ગુરુદેવને કોટિ કોટિ વન્દન કરીએ છીએ. અમારા કુટુમ્બ પર મા ગાયત્રીની તેમ જ ગુરૂદેવની કૃપા વરસતી રહે અને અમારા જીવનમાં સતત પ્રેરણા મળતી રહે તેવી પ્રાર્થના છે."

□


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫



શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

—: શ્રી અંબિકા સોપ ફેકટરી અને ટી ડેપો :—

—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—

—: શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (રીટેઈલ વિભાગ) :—

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

ટેલિફોન નંબર : ૨૩૯૪૮, ૩૮૬૪૧

"ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક"

# સમાચાર

૧. તા. ૩૦–૯–'૮૯ થી તા. ૯–૧૦–'૮૯ સુધી દસ દિવસના નવરાત્રી છે. પરંતુ લઘુ અનુષ્ઠાન કરવા ઈચ્છતાં ભાઈ–બહેનોએ તા. ૩૦–૯–'૮૯ થી તા. ૮–૧૦–'૮૯ સુધી નવ દિવસ માટે દરરોજ ગાયત્રી–મંત્રની ૨૭ માળા કરવી.
પૂ. ગુરુદેવના સૌને આશીર્વાદ છે.

૨. પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાત તેમ જ જીવનજળનો કાર્યક્રમ આ પ્રમાણે છે:
**સૂરત** : તા. ૩–૧૧–'૮૯ થી તા. ૪–૧૧–'૮૯ શુક્ર અને શનિવાર, **સમય** : સવારે ૧૧ થી બપોરે ૪ સુધી. સ્થળ : **એ/૬** ત્રિકમનગર સોસાયટી, દર્પણ ટોકીઝ સામે, લંબે હનુમાન રોડ, વરાછા રોડ, **સૂરત.**
**મુંબઈ** : તા. ૧૧–૧૧–'૮૯ થી તા. ૧૨–૧૧–'૮૯ શનિ–રવિવાર. **સમય** : સવારે ૧૧ થી બપોરે ૪ સુધી. **સ્થળ** : ગંગાદાસની વાડી, બાબુલનાથ મંદિર પાસે, ચોપાટી, **મુંબઈ.**
**ભાવનગર** : તા. ૧૮–૧૧–'૮૯ થી તા. ૧૯–૧૧–'૮૯ શનિ–રવિવાર **સમય** : બપોરે ૧૨ થી ૪ સુધી. **સ્થળ** : રોટરી કલબ, સર્વિસ સેન્ટર, ઘોઘાસર્કલ, **ભાવનગર.**

૩. દીવાળીના તહેવાર અને ઉપરોક્ત વ્યક્તિગત મુલાકાતના કાર્યક્રમોને કારણે તા. ૨૭–૧૦–૮૯થી તા. ૧૦–૧૨–'૮૯ સુધી, 'નીલોષા' પરની મુલાકાત બંધ રહેશે. તા. ૧૧–૧૨–૮૯થી રાબેતા મુજબ 'નીલોષા' પર મળશે.

૪. તા. ૩૦–૧૦–'૮૯ને સોમવારના નૂતન વર્ષે પૂજ્ય ગુરુદેવ તેમના **સિવિલ હોસ્પિટલના નિવાસસ્થાને** કુટિરમાં સવારે નવ વાગ્યાથી એક વાગ્યા સુધી દર્શન આપશે.

૫. **ગાયત્રી મંત્રની શોભાયાત્રા અને સ્થાપના વિધિ** :
**સમય** : તા. ૯–૧૨–'૮૯ ને શનિવારે બપોરના ૧૧–૦૦ થી ૧૨–૦૦.
**સ્થળ** : **'શ્રદ્ધા' બંગલો, ૭૭, યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે, વાસણા, અમદાવાદ**–૭. આ આધ્યાત્મિક પ્રસંગનો લાભ અવશ્ય લેશો.

૬. તા. ૧–૧૨–'૮૯ થી પૂ. ગુરુદેવ સિવિલ હોસ્પીટલના નિવાસસ્થાને કુટિરમાં મળી શકશે નહિ.


૭. તા. ૧૧–૧૨–'૮૯ થી પૂજ્યશ્રી નવા નિવાસસ્થાને કુટિરમાં અનુક્રમ નંબર પાંચમાં દર્શાવેલ સરનામે સાંજે ૬ થી ૮ દરમિયાન દર્શન આપશે.

૮. આપના ગાયત્રીમંત્ર લેખનની પોથીઓ સ્વીકારવાનું ચાલુ છે.

૯. પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ તા. ૧૭–૧૨–'૮૯, રવિવાર, **સ્થળ** : ડૉ. યોગેશ મોદી, સર્જીકલ હૉસ્પિટલ, ગુજરાત હાઈકોર્ટ સામે, ઇન્કમટેક્ષ ચાર રસ્તા પાસે, અમદાવાદ–૧૪.

૧૦. પૂજ્યશ્રીનું નિવાસસ્થાન બદલાતું હોઈ 'આધ્યાત્મિક કેડી'નું લવાજમ કે અન્ય પત્રવ્યવહાર તા. ૧–૧૨–'૮૯થી **'નિલોષા'**ના સરનામે કરવા જણાવાય છે.

□



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : ' નીલોષા ' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ–૧૫.

સમય : બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ–રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક–માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ જળ લેવા ઇચ્છનારે ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.